# BJB
# PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Office Superintendent/Vigilance Officer, Class-3, (GMC)** |
| **Advertisement No** | **9/2024-25** |
| **Preliminary Test Held On** | **27-10-2024** |
| **Que. No** | **001-300** |
| **Publish Date** | **29-10-2024** |
| **Last Date to Send Suggestion (S)** | **08-11 -2024** |

## Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.
2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.
3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published here with on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.
4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.
5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.
6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.
7) Only Candidate who is present in the exam entitled to submit the objection/(s).
8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી,અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.
2) ઉમેદવારે પ્રશ્ન પ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.
3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.
4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.
5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.
7) માત્ર પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા-સુચન રજુ કરી શકશે.
8) ઉમેદવારે વાંધા-સૂચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

Website link for prescribed format (Suggestion Sheet):
**http://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2018-3-20_723.pdf**

001. સિંધુ સંસ્કૃતિના લોકો નીચેનામાંથી કઈ ધાતુ વિષે જાણતા ન હતા ?

(A) તાંબુ
(B) કાંસુ
(C) સોનું
(D) લોખંડ

002. નીચેના વિધાન / વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. વૈદિક યુગમાં ગાયને સૌથી ઉત્તમ ધન માનવામાં આવતું હતું.

2. વૈદિક યુગમાં બાળવિવાહનું પ્રચલન ન હતું.

3. વૈદિક યુગમાં પિતૃસત્તાક વ્યવસ્થા પ્રચલિત હતી.

(A) 1, 2 અને 3
(B) 1
(C) 1 અને 2
(D) 1 અને 3

003. ભગવાન બુદ્ધે તેઓનું પહેલું પ્રવચન કયા સ્થળે આપેલ હતું ?

(A) લુમ્બિની
(B) સારનાથ
(C) બોધગયા
(D) કુશીનગર

004. નીચેના વિધાન / વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. જૈન સાહિત્યને આગમ સાહિત્ય અને અંગ-અમય તેમ બે મુખ્ય શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

2. દિગંબર સંપ્રદાયના પ્રતિપાદક ભદ્રબાહુ હતા.

3. શ્વેતાંબર સંપ્રદાયના પ્રતિપાદક સ્થૂલભદ્ર હતા.

(A) 1, 2 અને 3
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 2 અને 3

005. "અ" વિભાગમાં આપેલા ગણરાજ્યના નામ સામે "બ" વિભાગમાં આપેલ પ્રજાઓના યોગ્ય નામ જોડીને વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. વૈશાલી | a. શાક્યો |
| 2. કપિલવસ્તુ | b. મલ્લો |
| 3. મિથિલા | c. લિચ્છવીઓ |
| 4. કુશીનારા | d. વિદેહ |

(A) 1 - a, 2 - c, 3 - b, 4 - d
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - d, 2 - b, 3 - a, 4 - c

006. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં વહીવટીતંત્રના કેટલા વિભાગો (અંગો) હતા ?

(A) ચાર
(B) ત્રણ
(C) બે
(D) છ

007. કુમારગુપ્તના સમયમાં કઈ વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી ?

(A) નાલંદા
(B) વલભી
(C) કાશી
(D) વિક્રમશીલા

008. નીચેનામાંથી કયો પલ્લવ રાજવી "વાતાપી-કૌંડ" તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો ?

(A) પરમેશ્વર વર્મન્ પહેલો
(B) સિંહ-વિષ્ણુ (અવનિ-સિંહ)
(C) નરસિંહ વર્મન્ પહેલો
(D) મહેન્દ્ર વર્મન્ પહેલો

009. ચોલ રાજ્યની સૌથી પ્રાચીન રાજધાની કઈ હતી ?

(A) ઉરગપૂર (ઉરૈપૂર)
(B) કાવેરીપટ્ટનમ્
(C) તંજુપુર (તાંજોર)
(D) ગંગ-કૌંડ - ચૌલાપુરમ

010. ગાયકવાડ રાજ્યમાં કયા રાજવીએ સમગ્ર રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત કરી હતી ?

(A) પિલાજીરાવ ગાયકવાડ
(B) સયાજીરાવ ગાયકવાડ ત્રીજા
(C) મલ્હારરાવ ગાયકવાડ
(D) સર ટી. માધવરાવ

011. 1. સોલંકી યુગના શાસન દરમિયાન ગુજરાતના પ્રવેશદ્વાર તરીકે વડનગરનું તોરણ પ્રચલિત હતું.
2. મહંમદ બેગડાએ તેના શાસનની રાજધાની અમદાવાદથી ખસેડી ચાંપાનેરને બનાવી હતી.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

012. ટીપુ સુલ્તાનને હરાવવા ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ નીચેનામાંથી કોની મદદ લીધી હતી ?

(A) મરાઠાની
(B) નિઝામની
(C) (A) તથા (B) બંનેની
(D) (A) તથા (B) માંથી કોઈની નહીં

013. ડેલહાઉસીની ખાલસાનીતિ અંતર્ગત રાજા અપુત્ર અવસાન પામતાં નીચેનામાંથી કયા રાજ્યને ખાલસા કરવામાં આવેલ હતું ?

(A) પંજાબ
(B) અવધ
(C) તાંજોર
(D) નાગપુર

014. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામનું સૌથી મહત્વનું આયોજન સપ્ટેમ્બર-ઓક્ટોબર 1857માં અમદાવાદમાં કરવામાં આવેલ, જેના મુખ્ય આગેવાનો હતા –

1. ગોવિંદરાય ગાયકવાડ
2. ભાઉસાહેબ પવાર
3. ભોંસલે રાજા
4. વડોદરાના વેપારી નિહાલચંદ ઝવેરી
5. પાટણના વાલિયા મગનલાલ

(A) 1 થી 3
(B) 1 થી 4
(C) 1, 3, 4 અને 5
(D) 1 થી 5

015. કયા રાજ્યના પતન પછી 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ અંકુશમાં લઈ શકાયો હતો ?

(A) કાનપુર
(B) ગ્વાલિયર
(C) અવધ
(D) ઝાંસી

016. ઈ.સ. 1839માં "તત્વબોધિની સભા"ની સ્થાપના કોણે કરી હતી ?

(A) મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર
(B) રાજા રામમોહનરાય
(C) કેશવચન્દ્ર સેન
(D) પંડિત ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર

017. મુસ્લિમ લીગે અંગ્રેજ સરકાર સમક્ષ પાકિસ્તાન માટે પ્રબળ માગણી કરી અને સરકાર પર દબાણ લાવવા કયા દિવસે સીધા પગલા દિન તરીકે પાળવાનો આદેશ આપ્યો હતો ?

(A) 16 ઓગષ્ટ, 1945
(B) 15 ઓગષ્ટ, 1946
(C) 16 ઓગષ્ટ, 1946
(D) 15 ઓગષ્ટ, 1945

018. ગોવા, દીવ અને દમણમાંથી પોર્ટુગીઝ શાસનનો અંત કયા વર્ષમાં આવ્યો ?

(A) 1960
(B) 1961
(C) 1962
(D) 1954

019. બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) ઈ.સ. 1772
(B) ઈ.સ. 1813
(C) ઈ.સ. 1783
(D) ઈ.સ. 1773

020. 1. જ્યોતિબા ફુલેએ કન્યાકેળવણી માટે ઈ.સ. 1851માં પૂણેમાં કન્યાશાળા શરૂ કરી હતી.

2. રાજા રામમોહનરાયે કોલકાતામાં હિન્દુ કોલેજની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

021. પાણિનિએ સંસ્કૃતમાં 'અષ્ટાધ્યાયી' નામનો વ્યાકરણગ્રંથ ઈ.સ. પૂર્વે કઈ સદીમાં તૈયાર કર્યો હતો ?

(A) પાંચમી સદીમાં
(B) ચોથી સદીમાં
(C) ત્રીજી સદીમાં
(D) છઠ્ઠી સદીમાં

022. કયું નૃત્ય રંગબેરંગી વેશભૂષા અને ઝમકદાર રજૂઆત માટે જાણીતું છે ?

(A) ભરતનાટ્યમ્
(B) કૂચીપુડી
(C) કથક
(D) કથકલી

023. નિચેના વિધાનો વિચારણામાં લો.

1. આપણા સંગીતમાં ગાયન અને વાદનનો સમાવેશ થાય છે.

2. આપણા સંગીતમાં મુખ્યત્વે પાંચ રાગો છેઃ 1. શ્રી 2. દીપક 3. હીંડોળ 4. મેઘ અને 5. ભૈરવી

3. પંડિત સારંગદેવે "સંગીત રત્નાકર" નામના ગ્રંથની રચના કરી હતી.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે.

(A) 1, 2 અને 3
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 2 અને 3

024. મહારાજા જયસિંહ બીજાએ ઉત્તર ભારતમાં કેટલી ખગોળ વેધશાળાનું નિર્માણ કરેલ હતું ?

(A) 3
(B) 5
(C) 4
(D) 2

025. સલ્તનત કાલીન સ્થાપત્યને શું કહેવામાં આવે છે ?

(A) ઈન્ડો-ઈસ્લામિક શૈલી
(B) મથુરા શૈલી
(C) ગાંધાર શૈલી
(D) ઉપર પૈકી એક પણ નહીં

026. વડોદરામાં કયા વર્ષમાં "કલા ભવન"ની સ્થાપના થઈ હતી ?

(A) ઈ.સ. 1895
(B) ઈ.સ. 1890
(C) ઈ.સ. 1880
(D) ઈ.સ. 1900

027. ''અ'' વિભાગને ''બ'' વિભાગ સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. ઉદયગિરી ગુફાઓ | a. ઓરિસ્સા |
| 2. ભરહુતનો સ્તૂપ | b. ગુજરાત |
| 3. હલેબીડના શિલ્પો | c. મધ્યપ્રદેશ |
| 4. વીરભદ્રની પ્રતિમા | d. કર્ણાટક |

(A) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - a, 2 - c, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - a, 3 - c, 4 - d

028. નીચેનામાંથી કયા સફળ સત્યાગ્રહે વલ્લભભાઈ પટેલને ''સરદાર''નું બિરૂદ અપાવ્યું હતું ?

(A) બોરસદ
(B) દાંડી
(C) ધરાસણા
(D) બારડોલી

029. ઘનશ્યામભાઈ છોટાલાલા ઓઝાના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. તેઓએ સવિનય કાનૂનભંગની ચળવળમાં વિરમગામમાં ભાગ લીધો હતો.
2. લીંબડીની લડત (ઈ.સ. 1938)માં ભાગ લીધો હતો.
3. ભાવનગર રાજ્યમાં જવાબદાર તંત્રના પ્રધાનમંડળમાં તે ગૃહખાતાના પ્રધાન હતા.
4. 1972માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.

(A) 1 અને 4
(B) 1, 2 અને 4
(C) 1, 2, 3 અને 4
(D) 2, 3 અને 4

030. દક્ષિણ ગુજરાતના કોટવાળિયાઓ કેવળ કોના ઉપર ગુજરાન ચલાવે છે ?

(A) વાંસકામ
(B) કાથો પાડવાનું કામ
(C) જંગલમાં કોલસા પાડવાનું કામ
(D) ખેત મજૂરીનું કામ

031. ભારતના સંવિધાનના કયા અનુચ્છેદ પ્રમાણે રાજ્યોને સામાજિક કલ્યાણ અને સુધારણા માટે કે જાહેર ગણી શકાય તેવી હિન્દુ ધાર્મિક સંસ્થાઓને હિન્દુઓના તમામ વર્ગો અને વિભાગો માટે ખુલ્લી મૂકતો કાયદો કરવાનો અધિકાર મળે છે ?

(A) અનુચ્છેદ-29
(B) અનુચ્છેદ-25
(C) અનુચ્છેદ-19
(D) અનુચ્છેદ-17

032. ભારતના સંવિધાનની 11મી અનુસૂચિમાં પંચાયતો માટે કેટલા કાર્યાત્મક વિષયોનો સમાવેશ થયેલ છે ?

(A) 29
(B) 27
(C) 24
(D) 26

033. નીચેના વિધાનો પૈકી કયું વિધાન યોગ્ય છે ?

1. બાળ મજૂરીને અટકાવવા અંગે બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, 1986નો કાયદો છે.
2. ભારતના સંવિધાનના અનુચ્છેદ-24માં ચૌદ વર્ષથી નીચેની વયના બાળકને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહીં તેવી જોગવાઈ છે.

(A) 1
(B) 2
(C) બંનેમાંથી એકેય નહીં
(D) 1 અને 2

034. ભારતના સંવિધાનના આમુખમાં ભારતના નાગરિકોને નીચેનામાંથી કઈ એક બાબત ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપતી નથી ?

(A) સામાજિક ન્યાય
(B) ધર્મની સમાનતા
(C) રાજકીય ન્યાય
(D) તકની સમાનતા

035. ભારતમાં દરેક પાંચમું વર્ષ પુરૂં થયે અથવા તે પહેલાં નાણાં આયોગની રચના કરવામાં આવે છે –

(A) રાજ્યોની નાણાકીય સ્થિતિ નક્કી કરવા માટે
(B) કેન્દ્રિય સરકારના નાણાકીય સંસાધનો નિર્ધારિત કરવા માટે
(C) સંઘ અને રાજ્યો વચ્ચે વિભાજિત કરવાના અથવા કરી શકાય તેવા કરની ચોખ્ખી આવકની વહેંચણી કરવા માટે
(D) રાજ્યોના નાણાંકીય સંસાધનો નિર્ધારિત કરવા માટે

036. ભારતના સંવિધાનના અનુચ્છેદ-32માં કેટલા પ્રકારની રીટ દર્શાવેલ છે ?

(A) પાંચ
(B) ચાર
(C) ત્રણ
(D) છ

037. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકના સંબંધમાં નીચેનામાંથી કયું સાચું નથી ?

(A) તેમની નિયુક્તી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
(B) તેમનો પગાર અને સેવાની બીજી શરતો કાયદાથી સંસદ નક્કી કરે તે રહેશે.
(C) સેવાનિવૃત્તી પછી તેઓ અન્ય સરકારી સેવા માટે અયોગ્ય બને છે.
(D) તેમને રાષ્ટ્રપતિ પદચ્યુત કરી શકે છે.

038. નાણાં કમિશન એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ .......... અનુસાર રાજ્યપાલે રચેલ કમિશન.

(A) અનુચ્છેદ 243-જ નો ખંડ (1)
(B) અનુચ્છેદ 243-ઝ નો ખંડ (1)
(C) અનુચ્છેદ 243-ડ નો ખંડ (1)
(D) અનુચ્છેદ 243-ટ નો ખંડ (1)

039. ભારતના સંવિધાનમાં કયા બંધારણીય સુધારાથી અનુચ્છેદ 338(એ) ઉમેરીને "રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ"ની રચના કરવામાં આવી ?

(A) 91મા
(B) 89મા
(C) 86મા
(D) 95મા

040. કયા વર્ષમાં ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)ની રચના થઈ ?

(A) 1995
(B) 1994
(C) 1997
(D) 1996

041. કયા વર્ષમાં રિઝર્વ બેન્કે ખાનગી બેન્કોને મંજૂરી આપવાની શરૂઆત કરી હતી ?

(A) 1993
(B) 1995
(C) 1996
(D) 2000

042. 1991ની આર્થિક નીતિ નીચેની કઈ મહત્વની બાબતોનો સમાવેશ કરે છે ?

1. ખાનગીકરણ, કે જેના અંતર્ગત સરકારે ખાનગી ક્ષેત્રને વધુ તકો આપી અને નબળી કામગીરી કરતી જાહેર કંપનીઓમાં તેનો હિસ્સો ઘટાડયો કે વેચી દીધી.
2. ઉદારીકરણ, કે જે અંતર્ગત ખાનગી કંપનીઓને ઘણી છૂટ આપવામાં આવી. કર અને પરવાનગીઓ ઘટાડીને વહીવટી પ્રક્રિયા સરળ કરી.
3. વૈશ્વિકીકરણ, કે જે હેઠળ વિદેશી કંપનીઓને ભારતમાં આવવાની / રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવી.

(A) 1
(B) 2
(C) 1, 2 અને 3
(D) 1 અને 2

043. જીએસટી કાઉન્સિલના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) કેન્દ્રિય વિત્તમંત્રી
(B) વડાપ્રધાન
(C) વડાપ્રધાન દ્વારા નિયુક્ત વ્યક્તિ
(D) રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત વ્યક્તિ

044. પરંપરાગત કૃષિ વિકાસ યોજનાની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

(A) 2016-17
(B) 2015-16
(C) 2017-18
(D) 2018-19

045. અલ્પ રોજગાર એક સ્થિતિ છે, જ્યાં લોકો –

(A) કામ માટે લોકોને વેતન આપવામાં આવતું નથી.
(B) કામ કરવા માંગતા નથી.
(C) સુસ્તીથી કામ કરે છે.
(D) પોતાની ક્ષમતાથી ઓછું કામ કરે છે.

046. કઈ અર્થવ્યવસ્થામાં કિંમત તંત્ર (Price Mechanism) ના આધારે નિર્ણય લેવામાં આવે છે ?

(A) મિશ્ર અર્થવ્યવસ્થા
(B) મૂડીવાદી અર્થવ્યવસ્થા
(C) સમાજવાદી અર્થવ્યવસ્થા
(D) ઉપર પૈકી એક પણ નહીં

047. ભારતના કેન્દ્રિય અંદાજપત્ર સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું / કયા વિધાન / વિધાનો ખોટાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. વર્ષ 2018-19ના અંદાજપત્રમાં રેલ્વે અંદાજપત્રને સામાન્ય અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવામાં આવેલ.

2. વર્ષ 2017-18ના અંદાજપત્રથી સંસદમાં અંદાજપત્ર રજૂ કરવાની તારીખ બદલીને 1લી ફેબ્રુઆરી નિયત કરવામાં આવી.

(A) માત્ર 2
(B) 1 અને 2 બંને
(C) માત્ર 1
(D) 1 અને 2 માંથી એકેય નહીં

048. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજનાના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો :

1. ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા વર્ષ 2016માં શરૂ કરવામાં આવી હતી.

2. આ યોજનાને વર્ષ 2025 સુધી લંબાવવામાં આવેલ છે.

3. આ યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિને રૂપિયા 10 લાખથી 1 કરોડ સુધીની બેન્ક લોન મળી શકે છે.

(A) માત્ર 1
(B) 1 અને 2
(C) 1, 2 અને 3
(D) 1 અને 3

049. ભારતીય રિઝર્વ બેન્કનું મુખ્ય મથક કલકત્તાથી મુંબઈ કયા વર્ષમાં સ્થાનાંતરિત કરવામાં આવેલ હતું ?

(A) 1937
(B) 1935
(C) 1940
(D) 1949

050. બીએસઈ સેન્સેક્સમાં કેટલી કંપનીઓનો સમાવેશ થયેલ છે ?

(A) 50
(B) 30
(C) 40
(D) 45

051. મહિલા સમ્માન બચત પ્રમાણપત્ર યોજનામાં રોકાણની ન્યૂનતમ રકમ કેટલી નિયત થયેલ છે ?

(A) રૂપિયા 1000
(B) રૂપિયા 500
(C) રૂપિયા 2000
(D) રૂપિયા 2500

052. સેબી (SEBI) ના ક્ષેત્રીય કાર્યાલય નીચેના પૈકી કયા છે ?

1. કોલકત્તા 2. દિલ્હી 3. ચેન્નાઈ 4. અમદાવાદ

(A) 1
(B) 1 અને 3
(C) 1, 2, 3, 4
(D) 1, 3 અને 4

053. ભારતીય પ્રતિસ્પર્ધા આયોગના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો :

1. તેની સ્થાપના ભારત સરકાર દ્વારા વર્ષ 2003માં કરવામાં આવી હતી.

2. તેમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત એક અધ્યક્ષ અને 7 સભ્યો હોય છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(D) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

054. એન્જલ ટેક્ષની શરૂઆત કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) ઈ.સ. 2014
(B) ઈ.સ. 2016
(C) ઈ.સ. 2012
(D) ઈ.સ. 2015

055. નીતિ આયોગના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો :

1. નીતિ આયોગ સંવિધાનિક સંસ્થા નથી.

2. નીતિ આયોગના હાર્દરૂપ બે હબ છે. i. ટીમ ઈન્ડિયા હબ ii. જ્ઞાન અને નવીનતા હબ

3. નીતિ આયોગ 'સહયોગપૂર્ણ સંઘવાદ'ની પરિકલ્પના પર આધારિત છે.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 1, 2 અને 3
(B) 1
(C) 1 અને 2
(D) 1 અને 3

056. ગુજરાતમાં વિજ્ઞાનના શિક્ષણનો વ્યાપ વધારતી "નમો સરસ્વતી યોજના" હેઠળ ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં, ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કેટલી રકમની સહાય આપવામાં આવે છે ?

(A) રૂપિયા 15,000
(B) રૂપિયા 10,000
(C) રૂપિયા 12,000
(D) રૂપિયા 8,000

057. નીચેનામાંથી કઈ કંપનીઓ સામાન્ય વીમા ક્ષેત્રે કાર્ય કરે છે ?

1. નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, કોલકત્તા

2. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ચેન્નાઈ

3. ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, નવી દિલ્હી

4. ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, મુંબઈ

(A) 1 અને 2
(B) 1, 2 અને 3
(C) 1, 2, 3 અને 4
(D) 1, 3 અને 4

058. 1. પૃથ્વીના પરિભ્રમણની ગતિ ધ્રુવો પર શૂન્ય થઈ જાય છે.

2. પૃથ્વી સૂર્યની સૌથી નજદીક હોઈ, તેવી સ્થિતિ પ્રત્યેક વર્ષે 3 જાન્યુઆરીના રોજ આવે છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(D) બંને વિધાનો સાચાં છે.

059. પૃથ્વી ના આંતરિક ભાગમાં વધતી ઊંડાઈ સાથે તાપમાનમાં સરેરાશ વધારો કેટલો છે ?

(A) દર 40 મીટર માટે 1° C
(B) દર 32 મીટર માટે 1° C
(C) દર 32 ફૂટ માટે 1° C
(D) દર 165 મીટર માટે 1° C

060. 1. ગુજરાતના 33 જિલ્લાઓ પૈકી 21 જિલ્લાઓનો સમાવેશ તળગુજરાતમાં થાય છે.

2. ગુજરાતની ઉત્તર, પૂર્વ અને દક્ષિણ સરહદો મોટે ભાગે ડુંગરાળ પ્રદેશોની બનેલી છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

061. 1. બનાસ, સરસ્વતી અને રૂપેણ નદીઓ ઈશાનથી નૈઋત્ય તરફ એક બીજાને સમાંતર વહી, કચ્છના નાના રણમાં તેમનાં પાણી ઠાલવે છે.

2. બનાસ નદીના પ્રવાહમાર્ગની લંબાઈ સરસ્વતી નદીના પ્રવાહમાર્ગની લંબાઈ કરતાં વધુ છે.

ઉપરના વિધાન / વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 1
(B) 2
(C) 1 અને 2 માંથી એકેય નહીં
(D) 1 અને 2

062. ગુજરાતની આબોહવા પર નીચેનામાંથી કયા પરિબળો અસર કરે છે ?

1. અક્ષાંશ 2. ભૂપૃષ્ઠ 3. સમુદ્રકિનારાથી અંતર 4. વનસ્પતિ

(A) 1, 2, 3 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

063. ગુજરાતમાં ભેજવાળાં પાનખર જંગલો કેટલા સે.મી. કે તેથી વધુ વરસાદવાળા પ્રદેશોમાં આવેલા છે ?

(A) 80
(B) 90
(C) 120
(D) 110

064. 1. ગુજરાતમાં ઈ.સ. 1901 થી શરૂ કરીને 2001 સુધીના દાયકા દરમિયાન વસતિવધારાનો દર ઊંચો જતો નોંધાયો છે.

2. ઈ.સ. 1901 થી 2011 સુધીના દરેક દાયકામાં ગુજરાતનો વસતિ વધારાનો દર, ભારતના વસતિ વધારાના દર કરતાં ઊંચો રહ્યો છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

065. 1. ફૂલસૂંઘણો એ ભારતમાં જોવા મળતું સૌથી નાનું પક્ષી છે.

2. સીરસ જેવેલ એ ભારતમાં જોવા મળતું સૌથી નાનું પતંગિયું છે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

066. વિદેશી વેપાર નીતિ (FTP) 2023ના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લો :

1. આ નીતિ નિકાસકારો સાથેના વિશ્વાસ અને ભાગીદારીના સિદ્ધાંતો પર આધારિત છે અને તેનો હેતુ નિકાસકારો માટે વ્યવસાય કરવાની સરળતા માટે પ્રક્રિયા રિ-એન્જિનિયરીંગ અને ઓટોમેશનનો છે.

2. આ નીતિનો મુખ્ય અભિગમ ચાર સ્તંભો પર આધારિત છે.

3. હાલના 39 નગરો ઉપરાંત ફરીદાબાદ, મિર્ઝાપુર, મુરાદાબાદ અને વારાણસી નગરોને ટાઉન્સ ઓફ એક્સપોર્ટ એક્સેલન્સ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઉપરના વિધાન / વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 1, 2 અને 3
(D) 2 અને 3

067. નિકાસ ઉત્કૃષ્ટતા શહેર (Towns of export excellence) ના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો :

1. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય મુજબ 750 કરોડ રૂપિયા અથવા તેનાથી વધુની વસ્તુઓના ઉત્પાદન કરનાર શહેરને વિકાસ ઉત્કૃષ્ટતા શહેર તરીકે માન્યતા આપી શકાય છે.

2. જોકે, હસ્તકલા, હસ્તશિલ્પ, ખેતી અને મત્સ્ય પાલન જેવા હેતુમાં વિકાસ ઉત્કૃષ્ટતા શહેરમાં સમાવેશ માટે લઘુત્તમ સીમા 150 કરોડ રૂપિયા નિર્ધારિત કરવામાં આવી છે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

068. પંચમઢી જૈવાવરણ આરક્ષિત વિસ્તારમાં નીચેનામાંથી શું આવેલ છે ?

(A) સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન
(B) બોરી અભયારણ્ય
(C) પંચમઢી અભયારણ્ય
(D) ઉપરના ત્રણેય

069. કયો રાષ્ટ્રીય ધોરીમાર્ગ દેશમાં સૌથી લાંબો છે ?

(A) 7
(B) 6
(C) 2
(D) 8

070. દામોદર ખીણ યોજના હેઠળ નીચેનામાંથી કયા બંધ બાંધવામાં આવ્યા છે ?

1. કોનાર  2. મૈથોના  3. તિલૈયા  4. પંચેટ હિલ

(A) 1 અને 2
(B) 1, 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 3 અને 4

071. યુરેનિયમના ખનિજો નીચેનામાંથી કયા રાજ્યોમાં મળે છે ?

(A) બિહાર
(B) રાજસ્થાન
(C) (A) તથા (B) બંનેમાંથી
(D) મહારાષ્ટ્ર અને કેરળ

072. નીચેનામાંથી કઈ ધાતુ સહેલાઈથી ચપ્પુ વડે કાપી શકાય છે ?

(A) સીસું
(B) પારો
(C) સોડિયમ્
(D) નીકલ

073. નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. નાર્કો એનાલિસિસ ટેસ્ટમાં સોડિયમ પેંટોથલ નામની દવા સંબંધિત વ્યક્તિના શરીરમાં ઈન્જેક્શનથી દાખલ કરવામાં આવે છે.

2. સેલ્વી અને અન્ય વિરૂદ્ધ કર્ણાટક રાજ્ય અને અન્યના કેસમાં સુપ્રિમ કોર્ટે નિર્ણય આપેલ છે કે કોઈપણ વ્યક્તિનો આ ટેસ્ટ તેની સંમતિ સિવાય કરી શકાશે નહીં.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2
(D) બંનેમાંથી એકેય નહીં

074. નીચેનામાંથી ભારતનો પ્રથમ પ્રાયોગિક સંદેશાવ્યવહાર ઉપગ્રહ કયો છે ?

(A) આર્યભટ્ટ
(B) ભાસ્કર-1
(C) રોહિણી
(D) એપલ

075. નીચેનામાંથી કયા વૈજ્ઞાનિકે કાચ અને સિરામીક ક્ષેત્રોમાં અત્યંત મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક સંશોધન કરેલ ?

(A) ડૉ. આત્મારામ
(B) આશીષ પ્રસાદ મિત્ર
(C) આનન્દ ચક્રવર્તી
(D) અવતારસિંહ પેંટલ

076. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની સ્થાપના સાથે ભારત ખાસ પર્યાવર્ણ માટેની ટ્રિબ્યુનલની સ્થાપના કરનાર વિશ્વનો .......... દેશ બન્યો હતો.

(A) ચોથો
(B) ત્રીજો
(C) પાંચમો
(D) દસમો

077. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી) કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું ?

(A) 2015
(B) 2010
(C) 2016
(D) 2014

078. ઘરની જરૂરિયાતો માટે બાયોગેસ પ્લાન્ટને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રિય બાયોગેસ વિકાસ પરિયોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી હતી ?

(A) 1981-82
(B) 1985-86
(C) 1983-84
(D) 1988-89

079. ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમ અંતર્ગત પરમાણુ ટેકનોલોજીના ઉપયોગ માટે નીચેનામાંથી કયા ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

1. વિદ્યુત ઉત્પાદન

2. શાંતિપૂર્ણ ઉદ્દેશ માટે પરમાણુ ઉર્જાનો વિકાસ

3. કૃષિ સંશોધન

4. ચિકિત્સા

(A) 1 અને 2
(B) 1, 2 અને 3
(C) 1, 2, 3 અને 4
(D) 1, 2 અને 4

080. દૂરસંચાર સેવા અસ્થાયી નિલંબન (લોક આયાત અને લોક સુરક્ષા) નિયમો, 2017 અંતર્ગત જાહેર કટોકટી અને જાહેર સલામતીના આધારે ટેલિકોમ / ઈન્ટરનેટ બંધ કરવાનો આદેશ એક જ સમયે કેટલા દિવસ સુધી આપવામાં આવી શકે છે ?

(A) 15
(B) 10
(C) 7
(D) 5

081. કોઈ નિશ્ચિત કૂટ ભાષામાં CAGE ને 4365 તથા LOOM ને 8996 લખવામાં આવે છે. આ કૂટ ભાષામાં CAMEL ને કયા પ્રકારે લખવામાં આવશે ?

(A) 46358
(B) 43658
(C) 45368
(D) 46836

082. 5મી જાન્યુઆરીથી 31 મે, 1997 સુધીનું રૂપિયા 3500નું 6% ના દરે સાદા વ્યાજની કેટલી રકમ મળવાપાત્ર થાય ?

(A) 64 રૂપિયા
(B) 90 રૂપિયા
(C) 80 રૂપિયા
(D) 84 રૂપિયા

083. રમેશ એક કામને 30 કલાકમાં પુરૂં કરે છે અને દિનેશ એક કામને 20 કલાકમાં પુરૂં કરે છે તો બંને સાથે મળીને કેટલા કલાકમાં પુરૂં કરે ?

(A) 14
(B) 16
(C) 12
(D) 15

084. અમન તેના ઘરથી 4 કિ.મી. ઉત્તરમાં ચાલે છે, તે પોતાની ડાબી તરફ વળી 3 કિ.મી. ચાલે છે, તે પછી 4 કિ.મી. દક્ષિણમાં ચાલે છે અને ત્યાંથી જમણી બાજુ 2 કિ.મી. ચાલે છે, તો તેનું ઘર કેટલું દૂર હશે ?

(A) 6 કિ.મી. (B) 5 કિ.મી.

(C) 7 કિ.મી. (D) 3 કિ.મી.

085. એક વેપારી બહારગામથી રૂપિયા 9,000 નો માલ 3% વટાવે લાવે છે. આ માલ રૂપિયા 9200 માં વેચે છે, તો વેપારીને કેટલા રૂપિયા નફો થશે ?

(A) રૂપિયા 470 (B) રૂપિયા 370

(C) રૂપિયા 70 (D) રૂપિયા 170

086. 5,71,787 ઘનમૂળ શોધો ?

(A) 53 (B) 57

(C) 73 (D) 83

087. 200 મીટર અને 400 મીટર લંબાઈ ધરાવતી બે ટ્રેનો એક જ દિશામાં અનુક્રમે 60 કિ.મી./કલાક અને 42 કિ.મી./કલાકની ઝડપે ગતિ કરે છે તો આ ટ્રેન એકબીજાને કેટલા સમયમાં પસાર થશે ?

(A) 40 સેકન્ડ (B) 90 સેકન્ડ

(C) 120 સેકન્ડ (D) 80 સેકન્ડ


088. નીચેની સંખ્યા શ્રેણીમાં એક ખોટી સંખ્યા છે, જે નીચેના વિકલ્પોમાંથી શોધો.

89 78 86 80 85 82 83

(A) 78 (B) 86

(C) 85 (D) 82


089. નીચેનામાંથી કઈ આકૃતિ વનસ્પતિ, પીપળો અને વડનું પ્રતિનિધિત્વ કરે છે ?




(A) 4 (B) 1

(C) 3 (D) 2

090. નીચેની આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?



(A) 16 (B) 36

(C) 17 (D) 37

091. સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોની કુપોષણની કમી દૂર કરવા કયા રાજ્યની સરકારે ''મુખ્યમંત્રી નાસ્તા યોજના'' શરૂ કરેલ છે ?

(A) તેલંગણા
(B) આંધ્રપ્રદેશ
(C) ઓરિસ્સા
(D) તમિલનાડુ

092. એક સ્ટેશન એક ઉત્પાદન યોજના (One station one product scheme) કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
(B) રેલ મંત્રાલય
(C) કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય
(D) ઉપર પૈકી એક પણ નહીં

093. ''રાજ્ય રોબોટિક્સ નીતિ રૂપરેખા'' જાહેર કરીને નીચેનામાંથી કયું રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બનેલ છે ?

(A) તેલંગણા
(B) આંધ્રપ્રદેશ
(C) કર્ણાટક
(D) મહારાષ્ટ્ર

094. અદાલતી મામલાઓ ઝડપી નિપટાવવા માટે ભારતની પહેલી 'ડિઝીટલ લોક અદાલત' કયા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે ?

(A) મહારાષ્ટ્ર
(B) રાજસ્થાન
(C) તેલંગણા
(D) તમિલનાડુ

095. વિશ્વ હસ્તકલા પરિષદ (World Craft Council) દ્વારા ભારતના નીચેનામાંથી કયા શહેરને વિશ્વ હસ્તકલા શહેર (World Craft City) નો દરજ્જો જૂન, 2024માં આપવામાં આવેલ છે ?

(A) મૈસૂર
(B) જયપુર
(C) શ્રીનગર (કાશ્મીર)
(D) મામલ્લપુરમ્

096. ટેમ્પલટન ફાઉન્ડેશન, અમેરિકા દ્વારા વર્ષ 2024ના ટેમ્પલટન પુરસ્કારથી નીચેનામાંથી કોને નવાજવામાં આવેલ છે ?

(A) ફ્રાન્ક વિલઝેક
(B) જેન ગુડલ્લ
(C) ફ્રાન્સિસ કોલિન્સ
(D) પુમલા ગોબોડો - માડિકિ જેલા

097. ભારતની પહેલી ''3D પોસ્ટ ઓફિસ'' ક્યાં શરૂ થયેલ છે ?

(A) હૈદરાબાદ
(B) બેંગ્લુરુ
(C) મુંબઈ
(D) ઈન્દોર

098. આંતરરાષ્ટ્રીય શતરંજ મહાસંઘના નેજા હેઠળ ''અન્ડર 20 વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ''નું આયોજન જૂન, 2024માં કયા સ્થળે કરવામાં આવેલ હતું ?

(A) ગાંધીનગર
(B) નાગપુર
(C) ઈન્દોર
(D) પણજી

099. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નીચેનામાંથી કોની શરૂઆત કરવામાં આવેલ છે ?

(A) પ્રવાહ પોર્ટલ
(B) રિટેલ ડાયરેક્ટ મોબાઈલ એપ
(C) ફિનટેક રિપોઝીટરી
(D) ઉપરના ત્રણેય

100. ભારત સરકારના જાહેર સાહસોના વિભાગ દ્વારા છેલ્લે ઓઈલ ઈન્ડિયા લિમિટેડને ''મહારત્ન''નો દરજ્જો આપવામાં આવેલ છે. આ કંપનીને મહારત્નનો દરજ્જો મળ્યા બાદ દેશમાં ''મહારત્ન'' કંપનીઓની સંખ્યા કેટલી થયેલ છે ?

(A) 12
(B) 16
(C) 13
(D) 14

101. જે કોઈ સેવા અથવા જગાના ભરતી નિયમોમાં અથવા બઢતીને લગતા કોઈ નિયમમાં અથવા હુકમમાં, બઢતી માટે લઘુત્તમ અનુભવના મુદતની જોગવાઈ ન હોય ત્યારે, જે જગા ઉપરથી કોઈપણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે જગામાં તેને ......... વર્ષનો અનુભવ હોય તે સિવાય, વર્ગ-3 સેવામાંની નીચલી જગા ઉપરથી તે જ સેવામાંની ઉપલી જગા ઉપર પઢતી આપી શકાશે નહીં.

(A) ત્રણ
(B) સાત
(C) આઠ
(D) પાંચ

102. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ભારતના સંવિધાનના અનુચ્છેદ ......... ના પરંતુકથી મળેલ સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ દ્વારા નિયત કરવામાં આવેલ છે.

(A) 166
(B) 309
(C) 320
(D) 310

103. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં ''સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ''ની વ્યાખ્યા કયા વર્ષમાં દાખલ કરવામાં આવેલ છે ?

(A) 1985
(B) 1978
(C) 1986
(D) 1984

104. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 અમલમાં આવ્યાથી નીચેનામાંથી કયા નિયમો રદ કરવામાં આવેલ છે ?

(A) મુંબઈ મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો, 1935
(B) મુંબઈ મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો, 1959
(C) મુંબઈ મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો, 1939
(D) મુંબઈ મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો, 1937

105. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આ નિયમો તા. 10-10-1967થી અમલમાં આવેલ છે.
2. આ નિયમોમાંનો કોઈપણ મજકૂર પોલીસ દળના વર્ગ-1 તરીકે વર્ગીકૃત કરેલી રાજ્ય સેવાના હોદ્દાઓ ધરાવતા સભ્યોને લાગુ પડશે નહીં.

(A) વિધાન 1
(B) વિધાન 2
(C) વિધાન 1 અને 2
(D) બંને વિધાનોમાંથી એકેય નહીં

106. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં રાજ્ય સરકાર હેઠળની મુલકી જગાઓનું કેટલા પ્રકારે વર્ગીકરણ કરવાની જોગવાઈ છે ?

(A) બે
(B) ત્રણ
(C) પાંચ
(D) ચાર

107. મહિલા ઉમેદવારોની તરફેણમાં વય મર્યાદા હળવી કરવાની જોગવાઈ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967માં કયા વર્ષમાં ઉમેરવામાં આવેલ છે ?

(A) 1995
(B) 2001
(C) 1997
(D) 1999

108. રાજ્ય સેવા અથવા તાબાની સેવામાં રહેલા કોઈ સરકારી નોકર, ગુજરાત સરકારની બીજી કચેરી અથવા વિભાગમાં અથવા બીજી કોઈપણ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળની કોઈ જગાની પરીક્ષામાં બેસવા માટે અરજી કરવા માગતા હોય તો, તેણે પોતાની અરજી કોની મારફત સાદર કરવી જોઈશે ?

(A) સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ
(B) નિમણૂક આપનાર સત્તાધિકારી
(C) ખાતાના વડા
(D) કચેરીના વડા

109. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ની જોગવાઈ અનુસાર ઉમેદવાર અથવા ઉમેદવારના કોઈ સગા તરફથી કોઈપણ જાતનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રયત્ન કરવામાં આવ્યેથી ઉમેદવાર નીચેનામાંથી શામાં ગેરલાયક ઠરી શકે છે ?

(A) સરકારી સેવામાં નિમણૂક માટે (B) સરકારી સેવામાં બઢતી માટે

(C) ઉપર (A) તથા (B) બંને (D) ઉપર પૈકી એક પણ નહીં

110. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 અંતર્ગત રાજ્ય સરકાર, જાહેર સેવાના હિતમાં :-

1. સંરક્ષણ સેવાના કોઈ અધિકારીની ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિમય કર્યા સિવાય નિમણૂક કરીને જગા ભરી શકે છે.

2. આ નિયમો હેઠળ ઠરાવેલી પદ્ધતિ સિવાય બીજી રીતે કોઈ સેવા અથવા જગા ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિમય કરીને નિમણૂક કરી શકે છે.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 1 અને 2 (B) માત્ર 1

(C) માત્ર 2 (D) બંનેમાંથી એકેય નહીં

111. સરકાર દ્વારા વ્યવસાયિક એકમોને લગતી સેવાઓ તથા નાગરિકોને અપાતી સેવાઓ ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે પૂરી પાડવામાં આવે તે માટે નીચેનામાંથી કોની સેવાઓનો લાભ પણ લઈ શકાય છે ?

(A) ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ (B) નેશનલ ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ

(C) (A) અથવા (B) બંનેમાંથી કોઈપણનો (D) ઉપર પૈકી એકપણ નહીં

112. વર્ગ-4 ના કર્મચારીઓ નિયત સમય મુજબ કચેરીમાં સમયસર આવે તથા નિયત સમય બાદ કચેરી છોડે તેનું મોનિટરીંગ કોને કરવાનું હોય છે ?

(A) ખાતાના વડાએ (B) કચેરીના વડાએ

(C) મહેકમ અધિકારીએ (D) ઉપાડ અને ચૂકવણી અધિકારીએ

113. કચેરી કાર્યપદ્ધતિ (બિનસચિવાલય માટે), 2022ની જોગવાઈ અનુસાર નોંધણી કારકુને દરેક કાગળ / ટપાલ નીચેનામાંથી કયા પરિશિષ્ટમાં નિયત થયેલ આવક રજિસ્ટરમાં નોંધવાનો હોય છે ?

(A) પરિશિષ્ટ-1 (B) પરિશિષ્ટ-2

(C) પરિશિષ્ટ-3 (D) પરિશિષ્ટ-5

114. શાખા ડાયરી .......... માટે નવી બનાવવાની હોય છે.

(A) દર માસ (B) દર ત્રણ માસ

(C) દર નાણાકીય વર્ષ (D) દર કેલેન્ડર વર્ષ

115. નીચે જણાવેલ પ્રકારના કાગળ પૈકી કયા કાગળને આવેલા કાગળ (Receipt) તરીકે ગણવાના રહેતા નથી ?

1. પોસ્ટ ખાતા તરફથી આવતી પહોંચ જેવા કાગળ

2. અધિકારીઓના અંગત પત્ર

3. જેની ઉપર અધિકારીઓએ કોઈ સૂચનાઓ લખી ન હોય અને જે બાબતમાં પગલાં અન્ય ફાઈલ / ટપાલમાં લેવાના હોય તેવા સહી વગરના લખાણ

(A) 1 (B) 1, 2 અને 3

(C) 1 અને 3 (D) 3

116. સાધારણ રાજ્યપત્ર ક્યારે પ્રસિદ્ધ થાય છે ?

(A) દર ગુરૂવારે (B) દર સોમવારે

(C) દર બુધવારે (D) દર શનિવારે

117. મુદતી પત્રક (Periodical Returns) માટે કેટલા પ્રકારના રજિસ્ટર રાખવાના હોય છે ?

(A) ત્રણ (B) ચાર

(C) બે (D) એક જ પ્રકારનું

118. નોંધણી વિભાગના વડાએ ટપાલ ટીકીટના હિસાબની ખરાઈ માટે રજિસ્ટર, નોંધણી વિભાગનો હવાલો ધરાવતા શાખાના વડાને ક્યારે રજૂ કરવાનું હોય છે ?

(A) દર મહિને (B) દર સોમવારે

(C) દર પંદર દિવસે (D) દર ત્રણ મહિને

119. બિન સચિવાલય કચેરીઓમાં નીચેનામાંથી કયા સંવર્ગની જગ્યાઓ મર્જ કરી એક જ સંવર્ગ ગણવામાં આવેલ છે, જે સંવર્ગ ''કારકુન''ના નામાભિધાનથી ઓળખાય છે ?

1. કારકુન

2. કારકુન કમ ટાઈપિસ્ટ (અંગ્રેજી)

3. કારકુન કમ ટાઈપિસ્ટ (ગુજરાતી)

4. ગુજરાતી ટાઈપિસ્ટ

5. અંગ્રેજી ટાઈપિસ્ટ

(A) 2 થી 5 બધા (B) 2 અને 3

(C) 2, 3 અને 4 (D) 1 થી 5 બધા

120. ખાતાના વડાએ તેમના તાબા હેઠળની કચેરીઓના નિરીક્ષણનો કાર્યક્રમ કયા માસમાં બહાર પાડી તેની નકલ સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને મોકલનાની હોય છે ?

(A) ડિસેમ્બર (B) જાન્યુઆરી

(C) એપ્રિલ (D) જુન

121. કયા વર્ગના સરકારી કર્મચારી / અધિકારીથી જેની સાથે તેમને સરકારી કામકાજ રહેતું હોય એવી કોઈપણ કંપની અથવા પેઢીમાં અથવા સરકારી કામકાજનો સંબંધ રહેતો હોય એવી બીજી કોઈપણ કંપની અથવા પેઢીમાં પોતાના પુત્રને સરકારી પૂર્વ મંજૂરી વિના નોકરી સ્વીકારવાની છૂટ આપી શકાશે નહીં ?

(A) વર્ગ-1 (B) વર્ગ-2

(C) વર્ગ-3 (D) ઉપરના (A) અથવા (B) ના અધિકારી

122. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ની મૂળ જોગવાઈ અનુસાર, વર્ગ-1ની કોઈપણ જગા ધરાવતા સરકારી અધિકારીએ કેટલા રૂપિયા કરતાં વધુની પોતાના નામે અથવા તેના કુટુંબના સભ્યના નામે કરેલી જંગમ મિલકતની લેવડ દેવડની નિયત સત્તાધિકારીને જાણ કરવાની હોય છે ?

(A) રૂપિયા 25,000/- (B) રૂપિયા 20,000/-

(C) રૂપિયા 30,000/- (D) રૂપિયા 40,000/-

123. નીચેના વિધાનો વિચારણામાં લો.

1. સરકારી કર્મચારીના કોઈ કુટુંબીજન, સરકારી કર્મચારીને તેની સરકારી ફરજો બજાવવામાં અસર કરે એવું રોકાણ કરે છે અને તેમને અટકાવવામાં નિષ્ફળ જાય છે, તો તેણે તે અંગે સરકારને તત્કાલ જાણ કરવી જોઈશે.

2. સરકારી કર્મચારી શેરની વારંવાર ખરીદી અને વેચાણ કરે તો તે સટ્ટો ગણવામાં આવે છે.

(A) બંને વિધાનો ખોટાં છે. (B) બંને વિધાનો સાચાં છે.

(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે. (D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

124. નીચેના વિધાનો વિચારણામાં લો.

1. નાદારી માટે જેની સામે કાનૂની કાર્યવાહી થઈ હોય એવા સરકારી કર્મચારીએ પૂરેપૂરી હકીકતોની જાણ સરકારને તત્કાલ કરવાની હોય છે.

2. કોઈપણ સરકારી કર્મચારીના પગારના પચીસ ટકા ભાગ પર ટાંચ મૂકાઈ હોય ત્યારે તેના પગારની સામે તેના દેવાનું પ્રમાણ કેટલું છે એ બાબત અહેવાલમાં સરકારને જણાવવાની હોય છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(D) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

125. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971માં "સરકારી કર્મચારી"ની વ્યાખ્યામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે :

1. ગુજરાત રાજ્યની કામગીરીને લગતી કોઈપણ રાજ્ય સેવામાં અથવા જગ્યા પર નિમાયેલી કોઈપણ વ્યક્તિ

2. ભારતમાંની અન્ય સરકારોમાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા સરકારી કર્મચારી

3. રાજ્યેતર સેવામાંના કર્મચારી

4. રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશનમાં નિમાયેલ કર્મચારી

(A) 1
(B) 1 અને 2
(C) 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

126. "કોઈપણ સરકારી કર્મચારી પોતાની સરકારી ફરજો બજાવતી વખતે અવિવેકી વર્તન કરી શકશે નહીં." તેવી જોગવાઈ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ના નિયમ 3ક માં કયા વર્ષમાં ઉમેરવામાં આવેલ છે ?

(A) 2004
(B) 2005
(C) 1988
(D) 2006

127. દરેક સરકારી કર્મચારીએ હંમેશા : -

1. સંપૂર્ણપણે વફાદાર રહેવું

2. ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી

3. સરકારી કર્મચારીને છાજે નહીં એવું કશું કરવું નહીં.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 2
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1 અને 3

128. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ના નિયમો પૈકી કયા નિયમમાં "રાજકારણ અને ચૂંટણીઓમાં ભાગ લેવા બાબત"ની જોગવાઈ છે ?

(A) નિયમ-5
(B) નિયમ-4
(C) નિયમ-6
(D) નિયમ-7

129. કોઈ સરકારી કર્મચારી સામે તેના માસિક મળતરની .......... ગણી રકમની વસુલાત માટે કોઈપણ દિવાની કાર્યવાહી દાખલ કરવામાં આવી હોય અથવા ચાલુ હોય ત્યારે, સરકારી કર્મચારીએ તેનો લેખિત અહેવાલ સરકારને અથવા ખાતાના વડા અથવા સંબંધિત કચેરીને કરવાનો હોય છે.

(A) પાંચ
(B) પંદર
(C) વીસ
(D) દસ

130. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ના નિયમના હેતુ માટે ''હડતાલ'' શબ્દમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

1. સરકારી કર્મચારીએ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું.

2. સરકારી કર્મચારીઓએ સાથે મળીને કામ કરવાની ના પાડવી.

3. ગમે તેટલી સંખ્યાના સરકારી કર્મચારીઓની સહિયારી સમજ હેઠળ કામ કરવાની ના પાડવી.

4. ઓવરટાઈમ કામ કરવાની જરૂર હોય ત્યારે આવું કામ કરવાની ના પાડવી.

(A) 1, 2 અને 3 (B) 1 અને 4

(C) 1 થી 4 બધા (D) 2, 3 અને 4

131. સરકારી કર્મચારીની સંમતિથી નાની શિક્ષા કરવા માટેની ઉચ્ચ કક્ષાની સમિતિની જોગવાઈ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ના નિયમોમાં કયા વર્ષમાં કરવામાં આવી છે ?

(A) વર્ષ 1999 (B) વર્ષ 2000

(C) વર્ષ 2001 (D) વર્ષ 2002

132. જેની સામે અપીલ થઈ શકશે નહીં તે નીચેનામાંથી કયા હુકમો છે ?

1. નિયમ-9 હેઠળની તપાસ દરમિયાન તપાસ અધિકારીએ કરેલ હુકમ

2. નિયમ-11 ક હેઠળ ઉચ્ચ કક્ષાની સમિતિએ કરેલ હુકમ

3. શિસ્તભંગની કાર્યવાહીના આખરી નિકાલ માટે સહાયક પગલાંના સ્વરૂપનો હુકમ

(A) 1 (B) 1 અને 2

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

133. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ક્યારથી અમલમાં આવેલ છે ?

(A) 15-8-1971 (B) 15-11-1971

(C) 15-9-1973 (D) 15-4-2002

134. સરકારી કર્મચારીને જે તારીખથી ફરજ મોકૂફ કરવામાં આવ્યો હોય તે તારીખથી કેટલા દિવસની મુદત પૂરી થતાં પહેલા તેની વિરૂદ્ધ શિસ્તવિષયક કાર્યવાહી શરૂ ન થઈ હોય તો આવી ફરજ મોકૂફી માન્ય ગણાતી નથી ?

(A) 45 (B) 120

(C) 60 (D) 90

135. મોટી શિક્ષા કરવાની કાર્યરીતિમાં તપાસ અધિકારી પોતે જ શિસ્ત અધિકારી ન હોય ત્યાં તેણે શિસ્ત અધિકારીને મોકલવાના રેકર્ડમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

1. તપાસ અહેવાલ

2. સરકારી કર્મચારીએ રજૂ કર્યું હોય તો તેનું લેખિત બચાવ નામું

3. તપાસ દરમિયાન રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો

4. રજૂઆત અધિકારી અથવા સરકારી કર્મચારી અથવા બંનેએ તપાસ દરમિયાન લિખિત નોંધો રજૂ કરી હોય તો તે

5. તપાસ અંગે શિસ્ત અધિકારી અને તપાસ અધિકારીએ હુકમો કરેલ હોય તે તે

(A) 1 (B) 1, 2 અને 3

(C) 1 થી 5 (D) 1 થી 4

136. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ના કયા નિયમમાં નિયમ-8 અથવા 9 માંનો કોઈપણ મજકૂર લાગુ પડતો નથી તેવા કેસોની વિગત આપેલ છે ?

(A) નિયમ-10 (B) નિયમ-14

(C) નિયમ-11 (D) નિયમ-13

137. જેઓ વર્ગ-1ના અધિકારીઓ હોય એવા કચેરીઓના વડા કેટલા સમય સુધી ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે વાર્ષિક ઈજાફા અટકાવવાની શિક્ષા કરી શકે છે ?

(A) એક વર્ષ

(B) છ માસ

(C) બે વર્ષ

(D) ત્રણ વર્ષ

138. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે, તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. જ્યાં ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ લેવામાં આવી હોય ત્યાં આયોગે આપેલી સલાહની નકલ સંબંધિત કર્મચારીને પૂરી પાડવાની રહેશે.

2. આયોગની સલાહ સ્વીકારવામાં આવેલ ન હોય ત્યાં તે ન સ્વીકારવા અંગેના કારણોનું ટૂંકું નિવેદન સંબંધિત કર્મચારીને આપવાનું રહેશે.

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) બંનેમાંથી એકેય નહીં

(D) 1 અને 2

139. સરકાર દ્વારા તેના પોતાના હુકમોની પુનર્વિચારણાની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન ખોટું / ખોટાં છે તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. અપીલ માટેની સમય મર્યાદા પૂરી ન થાય તે પહેલા પુનર્વિચારણાની કાર્યવાહી શરૂ કરી શકાય છે.

2. આવી કોઈ અપીલ કરવામાં આવી હોય તો તે અપીલનો નિકાલ ન થાય તે પહેલાં પુનર્વિચારણાની કાર્યવાહી શરૂ કરી શકાય છે.

(A) 1

(B) 2

(C) 1 અને 2 બંને વિધાનો ખોટાં છે.

(D) 1 અને 2 બંને વિધાનો સાચાં છે.

140. નીચેનામાંથી કયા હુકમ સામે અપીલ થઈ શકે છે ?

(A) શિસ્તભંગની કાર્યવાહીના આખરી નિકાલ માટે કોઈપણ વચગાળાના સ્વરૂપના કોઈપણ હુકમ સામે

(B) નિયમ-9 હેઠળની તપાસ દરમિયાન તપાસ અધિકારીએ કરેલા હુકમ સામે

(C) નિયમ-11 ક હેઠળ ઉચ્ચ કક્ષાની સમિતિએ કરેલ કોઈપણ હુકમ સામે

(D) નિયમ-5 હેઠળ કરેલો અથવા કરેલો મનાતો ફરજ મોકુફીનો હુકમ

141. ગુજરાત નાણાંકીય નિયમો, 1971 હેઠળ ''નિયંત્રણ અધિકારી'' એટલે -

1. જેમનું ખર્ચનું નિયંત્રણ કરવાની તથા ખર્ચ કરવાની જવાબદારી સોંપાઈ હોય એવા અધિકારી

2. જેમને મહેસુલની વસૂલાત કરવાની જવાબદારી સોંપાઈ હોય એવા અધિકારી

3. આ પદમાં ''ખાતાના વડા''નો પણ સમાવેશ થાય છે.

(A) 1, 2 અને 3

(B) માત્ર 1

(C) માત્ર 2

(D) 1 અને 2

142. ભારતના સંવિધાનના અનુચ્છેદ 284 હેઠળ નીચેનામાંથી કયા નાણાં જાહેર હિસાબ ખાતે ભરવાના હોય છે ?

1. રાજ્યના કામકાજ અંગે નિયુક્ત થયેલા કોઈપણ અધિકારીએ એવા અધિકારી તરીકેની પોતાની હેસિયતથી સ્વીકાર્યા હોય અથવા તેની પાસે થાપણ તરીકે મૂકાયાં હોય એવા.

2. મહેસૂલના નાણા

3. સરકારે ઊભા કરેલા કે સરકારને મળેલાં જાહેર નાણા

(A) 1 અને 2

(B) 1

(C) 2 અને 3

(D) 1, 2 અને 3

143. બિન-સરકારી નાણાંના સ્વીકાર સંબંધમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) નાણાંનો વહીવટ કરવા અધિકૃત કરાયેલા સરકારી કર્મચારીએ તિજોરીઓમાંના જાહેર હિસાબમાં અંગત ખાતાવહીનું ખાતું ખોલાવવાનું હોય છે.

(B) નાણા, તે જે નિધિને લગતાં હોય તેને લાગુ પડતા નિયમો અને વિનિયમોનું ચૂસ્ત પાલન થાય એ રીતે ખર્ચવામાં આવે એ માટે સરકારી કર્મચારી અંગત રીતે જવાબદાર રહેશે.

(C) (A) તથા (B) બંને

(D) (A) તથા (B) બંનેમાંથી એકેય નહીં

144. ભારતના સંવિધાનના કયા અનુચ્છેદ હેઠળ જેમને કરાર કરવા જણાવાયું ન હોય કે તેમ કરવાની સત્તા આપવામાં આવી ન હોય એવા તાબાના સત્તાધિકારી કોઈપણ કરાર કરી શકતા નથી ?

(A) 283(2)  (B) 150

(C) 284  (D) 299(1)

145. તાબાના સત્તાધિકારીએ નીચેનામાંની કઈ ઘટનાને કારણે મકાનો, માર્ગ કે બીજા બાંધકામ જેવા સ્થાવર મિલકતને થયેલ ગંભીર નુકશાનની સરકારને તરત જ યોગ્ય રાહે જાણ કરવાની હોય છે ?

1. આગ  2. પૂર  3. વાવાઝોડું  4. ધરતીકંપ  5. બીજી કોઈ કુદરતી ઘટના

(A) 1, 2 અને 3  (B) 1, 2, 3 અને 4

(C) 1 થી 5  (D) 3 થી 5

146. કોઈ ખાસ પ્રકારના મહેસૂલ કે આવક અંગે અધિકૃત કરવામાં આવે તેવી કોઈ ખાસ વ્યવસ્થાને અધીન રહીને સરકારની લેણી નીકળતી બધી રકમો નિયમિત રીતે અને ઝડપથી આકારાય અને તે નીચેનામાંથી શામાં યોગ્ય રીતે જમા લેવાય એ જોવાની જવાબદારી નિયંત્રણ અધિકારીની હોય છે ?

(A) એકત્રિત નિધિમાં  (B) જાહેર હિસાબમાં

(C) (A) તથા (B) માંથી એકેય નહીં  (D) (A) અથવા (B) માંથી કોઈપણમાં

147. સરકારી પેન્શનરને મકાન ભાડે આપવાના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લો.

1. આવી વ્યક્તિને ગુજરાત નાણાકીય નિયમો, 1971ના હેતુસર સરકારી નોકરીમાં ન હોય તેવી વ્યક્તિ તરીકે ગણવાની રહેશે.

2. આવી વ્યક્તિને ગુજરાત નાણાકીય નિયમો, 1971ના હેતુસર સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિ તરીકે ગણવાની રહેશે.

3. પેન્શનર ભાડું રોકડમાં ચૂકવી શકે છે.

4. ભાડાની ચૂકવણી પોતાના પેન્શનમાંથી કપાત કરવા ઈચ્છે તો તેણે સંબંધિત કચેરીને લેખિત વિનંતી આપવાની રહેશે સંબંધિત અધિકારી જે તે તિજોરી અધિકારી કે ચૂકવણી અધિકારી મારફત આવી વસુલાતની વ્યવસ્થા કરશે.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો ખોટું / ખોટાં છે ?

(A) માત્ર 1  (B) માત્ર 2

(C) 2 અને 3  (D) 2 અને 4

148. 1. રાજ્યપત્રિત સરકારી કર્મચારીના હવાલાની ફેરબદલી અંગે હવાલો છોડતા અને હવાલો સંભાળતા એમ બંને સરકારી કર્મચારીઓએ ગુજરાત નાણાકીય નિયમોના ફોર્મ નંબર 6 માં અથવા બીજા કોઈ અધિકૃત ફોર્મમાં વિધિસર સહી કરીને અહેવાલ બનાવવાનો હોય છે.

2. ગુજરાત નાણાકીય નિયમોનું ફોર્મ નં. 6 તિજોરી અધિકારીઓને લાગુ પડતું નથી.

(A) બંને વિધાનો સાચાં છે.  (B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.  (D) બંને વિધાનો ખોટાં છે.

149. બાંધેલા તૈયાર મકાન / ફ્લેટની ખરીદી માટે આપવામાં આવેલ પેશગી અંગે સરકારી કર્મચારીએ ગુજરાત નાણાકીય નિયમોના નિયમ 97 (4) (ખ) અનુસાર ફોર્મ નં. ..........માં ગીરો-ખત કરવાનું હોય છે.

(A) 15
(B) 17
(C) 18
(D) 19

150. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002 અનુસાર સરકાર કેટલા પ્રકારના ભથ્થા મંજૂર કરી શકે છે ?

(A) પાંચ
(B) છ
(C) ચાર
(D) ત્રણ

151. રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થું આપવાના હેતુસર કરવામાં આવેલ શહેરોના વર્ગીકરણમાં નીચેનામાંથી કયું શહેર "Y" વર્ગીકરણમાં આવતું નથી ?

(A) રાજકોટ (શ.જુ.)
(B) જામનગર (શ.જુ.)
(C) જુનાગઢ (શ.જુ.)
(D) વડોદરા (શ.જુ.)

152. "X" શહેરના વર્ગીકરણ મુજબ લેવલ-4 અને તેનાથી ઉપર પે-મેટ્રીક્સમાં પગારનું લેવલ ધરાવનારને સ્થાનિક વળતર ભથ્થાની માસિક કેટલી રકમ મળવાપાત્ર થાય છે ?

(A) 360
(B) 270
(C) 220
(D) 170

153. સ્થાનિક વળતર ભથ્થાના દર માટે ''પગાર''માં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

(A) મૂળ પગાર
(B) નોન-પ્રેકટીસીંગ ભથ્થું
(C) સ્થગિત ઈજાફાઓ
(D) ઉપરના ત્રણેય

154. કોઈપણ ચોક્કસ શહેર, નગર કે ગામડા માટે વધુ ઘરભાડા ભથ્થાનો દર ઠરાવવાની સત્તા કોની હોય છે ?

(A) નાણા વિભાગની
(B) સરકારની
(C) મુખ્યમંત્રીની
(D) સામાન્ય વહીવટ વિભાગની

155. સરકારી કર્મચારીને રહેણાંકનું મકાન ફાળવવામાં આવેલ હોય અને તેમાં પતિ-પત્ની સિવાય બે કે તેથી વધુ અન્ય કર્મચારીઓ હિસ્સેદારીથી રહેતા હોય તો, તેમને ઘરભાડા ભથ્થું કઈ રીતે મળવાપાત્ર થશે ?

(A) અન્ય સરકારી કર્મચારીઓની પસંદગી મુજબ બે પૈકી એકને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

(B) મળવાપાત્ર ઘરભાડા ભથ્થાંની રકમની સમાન હિસ્સે રકમ મળવાપાત્ર થશે.

(C) કોઈને ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે નહીં.

(D) સરકારી કર્મચારીઓ પૈકી પસંદગી મુજબના બે સરકારી કર્મચારીઓને 50%-50% ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

156. સરકારી કર્મચારી હોય તેવા પતિ-પત્ની બંને જ્યારે પોતાના માલિકીના કે ભાડાના મકાનમાં રહેતા હોય ત્યારે કઈ રીતે ઘરભાડા ભથ્થાંની આકારણી કરવામાં આવે છે ?

(A) બંનેને મળવાપાત્ર રકમના 50% રકમની ચૂકવણી કરવામાં આવે છે.

(B) બંને પૈકી જેમને વધુ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર હોય તે રકમની ચૂકવણી કરવામાં આવે છે.

(C) બંનેને મળવાપાત્ર ઘરભાડાની રકમ રાબેતા મુજબ મંજૂર કરી શકાય છે.

(D) બંને પતિ-પત્ની જે વિકલ્પ આપે તે મુજબ એકને ઘરભાડા ભથ્થાની ચૂકવણી કરવામાં આવે છે.

157. કામચલાઉ બદલી અને 120 અથવા 180 દિવસની રજાના સંયુક્ત સમયગાળા દરમ્યાન ઘરભાડા / સ્થાનિક વળતર ભથ્થાંની પાત્રતાનું ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002ના નિયમ .......... હેઠળ નિયમન થશે.

(A) 26
(B) 27
(C) 24
(D) 25

158. 1. ભારતમાં અથવા ભારત બહાર અસાધારણ રજા સિવાયની બીજી રજાઓના સમયગાળા માટે મોંઘવારી ભથ્થું આકારી શકાશે.

2. ભારતમાં કે ભારત બહાર વિદેશમાં અભ્યાસ રજા પર ગયેલા અધિકારીઓને કોઈ મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે નહીં.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(D) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.

159. રાજ્યપત્રિત સરકારી કર્મચારીઓ માટે મુખ્ય મથક સિવાયના અન્ય રહેણાકના સ્થળે મળવાપાત્ર ઘરભાડા ભથ્થાની પરવાનગી આપવાની સંપૂર્ણ સત્તા કોની છે ?

(A) સચિવાલયનો સંબંધિત વહીવટી વિભાગ
(B) ખાતાના વડા
(C) નાણા વિભાગ
(D) કચેરીના વડા

160. ''પેન્શનપાત્ર પગાર'' એટલે સરકારી કર્મચારીએ છેલ્લા .......... માસની સેવા દરમિયાન ઉપાર્જિત કરેલ સરેરાશ પગાર.

(A) 10
(B) 12
(C) 24
(D) 36

161. નીચેનામાંથી શાની ગણતરીમાં મોંઘવારી ભથ્થું ધ્યાનમાં લેવામાં આવે છે ?

(A) કુટુંબ પેન્શન
(B) પેન્શન
(C) ગ્રેજ્યુઈટી
(D) પેન્શનનું મુડીકૃત રૂપાંતર

162. રહેમિયત પેન્શન નીચેનામાંથી કયા કિસ્સામાં મંજૂર થઈ શકે છે ?

1. સરકારી કર્મચારીને સરકારી નોકરીમાંથી પદચ્યુત કરવામાં આવે
2. સરકારી કર્મચારીને ગેરવર્તણૂકને કારણે નિવૃત્ત કરવામાં આવે
3. સરકારી કર્મચારીને નાદારીને કારણે નિવૃત્ત કરવામાં આવે

(A) 1
(B) 2
(C) 1 અને 3
(D) 1, 2 અને 3

163. એક સરકારી કર્મચારી ચાર વર્ષની સેવા બજાવ્યા બાદ અવસાન પામે છે, તો તેના કુટુંબને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની કેટલી રકમ મળવાપાત્ર થશે ?

(A) ચાર માસનો પગાર
(B) છ માસનો પગાર
(C) બે માસનો પગાર
(D) એક માસનો પગાર

164. કુટુંબ પેન્શન યોજના, 1972 પેન્શનપાત્ર મહેકમમાં તારીખ .......... ના રોજ અગર તે બાદ નોકરીમાં દાખલ થયેલ સરકારી કર્મચારીને લાગુ પડે છે.

(A) 1-6-1971
(B) 1-4-1971
(C) 1-1-1971
(D) 1-4-1972

165. પેન્શન મંજૂર કરનાર અધિકારી, સરકારી કર્મચારીના વયનિવૃત્તિની તારીખથી કેટલા સમય અગાઉ પેન્શનના કાગળો તૈયાર કરવાની કાર્યવાહીની શરૂઆત કરશે ?

(A) 10 માસ
(B) 12 માસ
(C) 24 માસ
(D) 36 માસ

166. સરકારી કર્મચારી તેના પેન્શન અને / અથવા ગ્રેજ્યુઈટીની અથવા બંને રકમની આકારણી કરી તેને આખરી સ્વરૂપ આપવામાં આવે તે પહેલાં નિવૃત્ત થવાની શક્યતા હોય તો ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 ના કયા નિયમ હેઠળ પેન્શન અને ગ્રેજ્યુઈટીની કામચલાઉ ચૂકવણીની કાર્યવાહી થઈ શકે છે ?

(A) નિયમ-140
(B) નિયમ-142
(C) નિયમ-141
(D) નિયમ-143

167. કારકુન ભૂલ પેન્શન અધિકૃત કર્યા પછી .......... વર્ષ બાદ જણાઈ આવે ત્યારે પેન્શન મંજૂર કરનાર અધિકારી નાણા વિભાગની સંમતિ લીધા વિના પેન્શનરના ગેરહિતમાં પેન્શનની સમીક્ષાનો આવો હુકમ કરી શકશે નહીં.

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) એક

168. નિવૃત્તિની તરત જ પહેલાં સરકારી સેવામાં વર્ગ-1 ની જગાના સભ્ય હોય કે તે જગા હંગામી હેસિયતથી ધારણ કરી હોય તેવા પેન્શનર તેની નિવૃત્તિની તારીખથી કેટલા સમય પૂરા થતા પહેલાં કોઈ વાણિજ્યક નિમણૂંક સ્વીકારવા ઈચ્છે, તો તેણે તેનો સ્વીકાર કરવા માટે સરકારની પૂર્વ મંજૂરી લેવી પડે છે ?

(A) ત્રણ વર્ષનો
(B) એક વર્ષનો
(C) બે વર્ષનો
(D) ચાર વર્ષનો

169. મૃતક પેન્શનર સંબંધે મળવાપાત્ર કુટુંબ પેન્શન અથવા શેષ ગ્રેજ્યુઈટી અથવા બંનેનો નિર્ણય કોણ કરશે ?

(A) સચિવાલયનો સંબંધિત વહીવટી વિભાગ
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) પેન્શન મંજૂર કરનાર અધિકારી

170. ''જાહેર રજા'' એટલે –

1. વટાઉખત અધિનિયમ, 1881 હેઠળ ઠરાવેલી અગર જાહેર કરેલી રજા

2. કોઈ કચેરીના સંબંધમાં સરકારે અથવા કોઈ વિધિસર સ્થાપિત સત્તાએ રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી અથવા બીજી રીતે તેવી કચેરીને કોઈ શરત કે અપવાદ વગર, સરકારી કામકાજ માટે જે દિવસ પૂરતી બંધ રાખવાનો હુકમ આપ્યો હોય તે દિવસ

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંનેમાંથી એકેય નહીં

171. ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 હેઠળ ''તબીબી સત્તાધિકારી'' એટલે –

(A) સિવિલ સર્જન
(B) સિવિલ હોસ્પિટલના અધિક્ષક
(C) તબીબી મંડળ
(D) ઉપરના ત્રણેય પૈકી કોઈપણ

172. ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લો.

1. ''ઉપલી કક્ષાની સેવા'' એટલે ચોથા વર્ગની સેવા ન હોય તેવી કોઈપણ પ્રકારની સેવા

2. ''નિર્વાહ ભથ્થું'' એટલે જેને પગાર કે રજાનો પગાર મળતો ન હોય તેવા સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું

(A) બંને વિધાનો સાચાં છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

173. નિવૃત્તિ પછી કેટલા સમયમાં પુનર્નિયુક્તિ પામેલા નિવૃત્ત સરકારી કર્મચારીને તંદુરસ્ત આરોગ્ય અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવામાંથી મુક્તિ આપી શકાય છે ?

(A) બે માસમાં
(B) છ માસમાં
(C) ત્રણ માસમાં
(D) ચાર માસમાં

174. 1. કોઈ સરકારી કર્મચારીની નીચલા દરજ્જાની જગામાંથી ઉપલા દરજ્જાની જગામાં બઢતી થાય અને તેની ફરજો એની એ જ રહે તો અન્યથા હુકમ કરવામાં આવે તે સિવાય તેનો અમલ જે તારીખથી જગા ખાલી પડે તે તારીખથી થાય છે.

2. સરકારી કર્મચારીએ ધરાવવાની થતી બઢતીની નવી જગાએ વિસ્તૃત જવાબદારીઓ સમાવિષ્ટ થયેલી હોય તો નવી જગાની ફરજો જે તારીખથી સંભાળી લેવામાં આવે તે તારીખથી જ નવી જગાનો ઊંચો પગાર મળવાપાત્ર થાય છે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

175. સેવાપોથીની બીજી નકલમાંની નોંધો અદ્યતન હોવાનો સંતોષ થયા બાબતનો કર્મચારીનો એકરાર દર વર્ષે કચેરીના વડાએ મેળવીને તે બાબતનું પ્રમાણપત્ર તે કચેરીના વડા અધિકારીએ દરેક વર્ષના કયા માસના અંત સુધીમાં તેમની તરતના ઉપરી અધિકારીને રજૂ કરવાનું હોય છે ?

(A) જુન
(B) એપ્રિલ
(C) સપ્ટેમ્બર
(D) ઓગષ્ટ

176. સરકારની મુલકી સેવામાં દાખલ થનાર ઉમેદવાર તેની દૃષ્ટિ કસોટી માટે તબીબી અધિકારી સમક્ષ હાજર થાય ત્યારે શંકાસ્પદ અને અનુચિત જણાયેલા કિસ્સાઓ ઓછામાં ઓછા કેટલા નેત્ર રોગ ચિકિત્સકોના બનેલા નિર્ણાયક મંડળ પાસે મોકલવામાં આવશે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

177. 1. સામાન્ય ભવિષ્યનિધિ, પેન્શન, સરકારી વીમા યોજના વગેરે બાબતે સરકારી કર્મચારીએ ભરેલ નામનિયુક્તિના નમૂનાની નકલો સેવાપોથીમાં સામેલ કરવાની હોય છે.

2. ખાતાના વડા અધિકારી એવો હુકમ કરે તે સિવાય સેવાપોથીમાં ચારિત્ર્ય માટેના પ્રમાણપત્રો સામેલ કરી શકાતા નથી.

ઉપરના વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1
(B) 2
(C) બંનેમાંથી એકેય નહીં
(D) 1 અને 2

178. નીચેનામાંથી કયા કિસ્સામાં શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાની આવશ્યક્તા રહેશે ?

(A) રાજીનામા પછી કોઈ વ્યક્તિને નોકરીમાં રાખવામાં આવે
(B) પાછલી નોકરી રદ ગણાયા પછી, કોઈ વ્યક્તિને નોકરીમાં રાખવામાં આવે
(C) (A) તથા (B) બંને
(D) (A) અને (B) બંનેમાંથી એકેય નહીં

179. જેમના જન્મના વર્ષની જાણ હોય પણ જન્મ તારીખની જાણ ન હોય એવા સરકારી કર્મચારીના કિસ્સામાં સેવાપોથીમાં જન્મતારીખ કઈ ગણવામાં આવશે ?

(A) 1લી જુલાઈ
(B) 1લી જુન
(C) 1લી એપ્રિલ
(D) 1લી જાન્યુઆરી

180. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની તાલીમ યોજના હેઠળ સરકારના કોઈ વિભાગ દ્વારા વિદેશોમાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીઓને છ માસ બાદના તાલીમના સમયગાળા માટે નીચેનામાંથી કયું ભથ્થું મળવાપાત્ર થતું નથી ?

(A) મોંઘવારી ભથ્થું
(B) વળતર ભથ્થું
(C) (A) તથા (B) બંને મળવાપાત્ર નથી.
(D) (A) તથા (B) બંને મળવાપાત્ર છે.

181. 1. કચેરીના મુખ્ય મથકનું સ્થળાંતર એકી સાથે બીજા મથકે થાય ત્યારે તેના પરિણામે એક જગાએથી બીજી જગાએ જવા માટે પણ સરકારી કર્મચારીને નિયમાનુસાર ફરજ પર જોડાવા માટેનો સમય મળવાપાત્ર થઈ શકે છે.

2. ફરજ પર જોડાવાના સમયના અનુસંધાને એક કે વધુ રજાઓ આવતી હોય ત્યારે જોડાવાનો સામાન્ય સમય આવી રજાઓનો સમાવેશ થાય તેટલો લંબાવવામાં આવ્યો છે તેમ ગણાશે.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

182. એક સરકારી કર્મચારીની એક જ જિલ્લામાં બદલી થયેલ છે, તો તેને પ્રવાસ માટે કેટલા દિવસ મળવાપાત્ર થશે ?

(A) બે
(B) એક
(C) ત્રણ
(D) અડધો

183. નીચેનામાંથી કયા સંજોગોમાં રાજ્યેતર સેવામાં બદલી કરી શકાય છે ?

(A) બદલી પછી બજાવવામાં આવનાર કામગીરી એવી હોય કે જાહેર હિતના કારણોસર સરકારી કર્મચારી જ તેને બજાવવા યોગ્ય હોય.

(B) જેની બદલી કરવામાં આવે તે કાયમી કે હંગામી સરકારી કર્મચારી બદલીના સમયે, રાજ્યના એકત્રિત ફંડમાંથી ચૂકવણું કરવામાં આવતી હોય તેવી જગા ધરાવતા હોય.

(C) (A) તથા (B) બંને

(D) (A) અને (B) બંનેમાંથી એકેય નહીં

184. રાજ્યેતર સેવાના રાજ્યપત્રિત સરકારી કર્મચારી જે જિલ્લામાં અથવા જે જિલ્લા નજીક નોકરી ઉપર હોય તે સ્થળના સિવિલ સર્જનના હાથે નીચેનામાંના કયા પ્રસંગે સારવાર મેળવવા હકદાર છે ?

1. જો રાજ્યેતર સેવાના નિયોક્તાએ કોઈ તબીબી અધિકારી માટે પ્રબંધ કર્યો ન હોય

2. રાજ્યેતર સેવાના નિયોક્તાએ પ્રબંધ કરેલ તબીબ, રાજ્યપત્રિત દરજ્જાના ન હોય

(A) 1 અથવા 2 (B) માત્ર 1

(C) માત્ર 2 (D) 1 અને 2 માંથી એકેય નહીં

185. 1. રાજ્યેતર સેવામાંનો સરકારી કર્મચારી નિવૃત્તિ પૂર્વેની રજા માટે અરજી કરે તો રાજ્યેતર સેવાના નિયોક્તા રજા મંજૂર કરવા કે નકારવા માટે સક્ષમ સત્તાધિકારી નથી.

2. રાજ્યેતર સેવામાં બદલી થયેલ હોય તે સરકારી કર્મચારી સરકારની મંજૂરી સિવાય પેન્શન અથવા ગ્રેજ્યુઈટી તેના રાજ્યેતર સેવાના નિયોક્તા પાસેથી સ્વીકારી શકે છે.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(C) બંને વિધાનો ખોટાં છે. (D) બંને વિધાનો સાચાં છે.

186. ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીના નિર્વાહ ભથ્થામાંથી નીચેનામાંથી કઈ કપાતો કરી શકાય નહીં ?

1. આવકવેરો

2. સામાન્ય ભવિષ્યનિધિમાં ભરવાનો ફાળો

3. સરકાર પાસેથી ઉછીની લીધેલી રકમો અને પેશગીઓની પરત ભરપાઈ

4. અદાલતની જપ્તીઓ અંગે લેણી રકમો

(A) 1 અને 3 (B) 1 અને 2

(C) 1, 2 અને 3 (D) 2 અને 4

187. 1. ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને રજા મંજૂર કરી શકાય છે.

2. ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને નોકરીમાં પુનઃસ્થાપનના સમયે ફરમોકૂફીના ફક્ત કોઈ ભાગને રજામાં ફેરવવાનું પરવાનગીપાત્ર નથી.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (D) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

188. સરકારી કર્મચારીની રાજ્યેતર સેવામાં પ્રતિનિયુક્તિથી નિમણૂકના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો.

1. રાજ્ય સરકારની રજા પ્રવાસ રાહત યોજના હેઠળ અથવા તેના વિકલ્પે અન્ય સરકારો / કંપનીઓ / કોર્પોરેશન વગેરેના નિયમો હેઠળ રજા પ્રવાસનો લાભ મેળવવા તે હકદાર થશે.

2. પ્રતિનિયુક્તિના સમયગાળા દરમિયાન તેને કોઈ ઈજા થાય અથવા થયેલી ઈજાને કારણે તેનું અવસાન થાય તો રાજ્ય સરકારના નિયમો હેઠળ મળવાપાત્ર થાય તેવી ગ્રેજ્યુઈટી કે પેન્શનની ચૂકવણી માટે અન્ય સરકારો / કંપનીઓ / કોર્પોરેશન જવાબદાર થશે.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે. (B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.

(C) બંને વિધાનો ખોટાં છે. (D) બંને વિધાનો સાચાં છે.

189. રાજ્યેતર સેવામાં સરકારી કર્મચારીની પ્રતિનિયુક્તિની પ્રારંભિક મુદત કેટલી રહેશે ?

(A) બે વર્ષની
(B) એક વર્ષની
(C) ત્રણ વર્ષની
(D) ચાર વર્ષની

190. 1. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 હેઠળ રચાયેલ પંચાયતમાં સરકારી કર્મચારીએ ખાસ પગાર ધોરણમાં કરેલી સેવા, ઈજાફાના હેતુ માટે, સરકાર હેઠળના સમાન પગાર ધોરણમાં કરેલી સેવા તરીકે ગણી શકાય છે.

2. મંજૂર કરવામાં આવેલી રજા પૂરી થયા બાદ સરકારી કર્મચારી ફરજ પર હાજર ન થાય અને આ સમય અસાધારણ રજા સહિતની કોઈપણ પ્રકારની રજા મંજૂર કરીને નિયમીત કરવામાં ન આવે તો આ સમય ઈજાફાપાત્ર સમય તરીકે ગણવાપાત્ર નથી.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

191. જગાના પગાર ધોરણમાં ફેરફાર થતા નવું પગાર ધોરણ મંજુર કરતા હુકમો બહાર પાડયાની તારીખથી .......... ગાળામાં ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 ના નિયમ-24માં નિર્દિષ્ટ વિકલ્પનો ઉપયોગ કરીને સરકારી કર્મચારીએ કચેરીના અથવા ખાતાના વડા અધિકારીને તેની જાણ કરવાની રહેશે.

(A) એક માસના
(B) ત્રણ માસના
(C) બે માસના
(D) પંદર દિવસના

192. ઉપલી જગાએથી નીચેની જગા પર પાયરી ઉતારના સમયે પગારની બાંધણી ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002ના કયા નિયમ હેઠળ નક્કી થશે ?

(A) નિયમ-39
(B) નિયમ-14
(C) નિયમ-13
(D) નિયમ-16

193. 1. અજમાયશનો સમયગાળો એક વર્ષ કરતાં વધુ હોય અને અજમાયશી અજમાયશનો સમયગાળો સંતોષકારક રીતે પૂરો કરેથી સેવામાં કે સંવર્ગમાં નિમણૂક આપવામાં આવે કે કાયમી કરવામાં આવે ત્યારે અજમાયશના પૂરા સમયને ઈજાફાપાત્ર સમય ગણીને પગાર ધોરણમાં તેનો પગાર નક્કી કરવામા આવશે અને પાછલી બાકી ચૂકવવામાં આવશે.

2. અજમાયશીનો શરૂઆતનો નક્કી કરવામાં આવેલો અજમાયશી સમય પાછળથી કામગીરી અસંતોષકારક હોવાના કારણે લંબાવવામાં આવ્યો હોય તેવા કિસ્સાઓમાં ઉપર (1) ની જોગવાઈ લાગુ પડતી નથી.

(A) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(B) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

194. જગાના પગાર ધોરણમાં ફેરફાર થતા પગારની બાંધણી ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002ના કયા નિયમ હેઠળ નક્કી કરવામાં આવે છે ?

(A) નિયમ-23
(B) નિયમ-24
(C) નિયમ-22
(D) નિયમ-25

195. 1. શિક્ષા તરીકે સરકારી કર્મચારીને પગાર ધોરણના નીચલા તબક્કે અચોક્કસ સમય માટે કે કાયમ માટે ઉતારવાની પરવાનગી ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 હેઠળ નથી.

2. નવું પગાર ધોરણ મંજૂર કરતા હુકમો બહાર પાડયાની તારીખથી બે માસમાં ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 પગાર ધોરણના વિકલ્પ અંગે કચેરીના વડા અથવા ખાતાના વડા અધિકારીને તેની જાણ કરવાની રહેશે.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

196. સરકારી કર્મચારી ધારણાધિકાર ધરાવતો હોય તે જગાના લાગુ પડતા પગાર ધોરણનો તેમજ જે જગા ઉપર તેનો ધારણાધિકાર મોકૂફ રાખવામાં આવ્યો હોય તેવી કોઈ જગાના લાગુ પડતા પગાર ધોરણમાં નીચેનામાંનો કયો સમયગાળો ઈજાફા માટે ગણાય છે ?

(A) અસાધારણ રજા સિવાયનો બધો સમયગાળો

(B) તાલીમ અથવા પ્રશિક્ષણમાં ગાળેલ સમયગાળો

(C) ભારતમાં કે ભારત બહાર પ્રતિનિયુક્તિ પરના અથવા બીજા ખાતામાં કામચલાઉ બદલીનો સમયગાળો

(D) ઉપરના ત્રણેય

197. સ્થગિત ઈજાફાઓ વધુમાં વધુ કેટલા મળવાપાત્ર થાય છે ?

(A) બે (B) ત્રણ

(C) એક (D) ચાર

198. અપરિપક્વ ઈજાફો કોણ મંજૂર કરી શકે છે ?

(A) જે તે પગારધોરણની તે જ સંવર્ગમાં જગા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી

(B) ખાતાના વડા

(C) કચેરીના વડા

(D) સચિવાલયનો સંબંધિત વિભાગ

199. એક જ કચેરીની કે ખાતાની અથવા અન્ય કચેરી કે ખાતાની બીજી સમકક્ષ જગાનો વધારાનો હવાલો સંભાળવા બદલ સંભાવી પગારના કેટલા ટકા ખાસ પગાર અથવા વધારાનો પગાર મળવાપાત્ર થશે ?

(A) 10% (B) 5%

(C) 20% (D) 25%

200. સરકારી કર્મચારીને અભ્યાસ રજા મંજૂર કરવા માટેના સક્ષમ સત્તાધિકારી નીચેનામાંથી કોણ છે ?

(A) કચેરીના વડા (B) ખાતાના વડા

(C) સંબંધિત વહીવટી વિભાગ (D) નાણા વિભાગના પરામર્શ સાથે સંબંધિત વહીવટી વિભાગ

201. એક સમયે કર્મચારીને કેટલા દિવસની મહત્તમ પ્રાપ્ત રજા મંજૂર કરી શકાય છે ?

(A) 90 (B) 120

(C) 180 (D) 240

202. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમોના નિયમ-60 ની જોગવાઈ હેઠળ સરકારી કર્મચારીને સમગ્ર નોકરી દરમિયાન એકંદરે કેટલા મહિના કરતાં વધુ નહિ તેટલી અસાધારણ રજા મંજૂર કરી શકાય છે ?

(A) 36 (B) 24

(C) 12 (D) 18

203. બાળક દત્તક લેવાની રજાની શરતો સંતોષતા મહિલા કર્મચારીને કેટલા દિવસની આવી રજા મળવાપાત્ર છે ?

(A) 120 (B) 180

(C) 90 (D) 240

204. સરકારી કર્મચારીની નોકરી તેની ફરજિયાત નિવૃત્તિની તારીખ પછી જાહેર હિતમાં લંબાવવામાં આવી હોય ત્યારે તેને અધિકતમ કેટલા દિવસની મર્યાદામાં પ્રાપ્ત રજા મંજૂર કરી શકાશે ?

(A) 180 (B) 240

(C) 300 (D) 120

205. ખાસ અશક્તતા રજાની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આ રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે.

2. આ રજા કોઈપણ સંજોગોમાં ચોવીસ માસથી વધવી જોઈએ નહીં.

3. આ રજા માત્ર કાયમી સરકારી કર્મચારીને મંજૂર કરી શકાય છે.

આ વિધાનો પૈકી કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

(A) 2 અને 3 (B) માત્ર 1

(C) 1 અને 3 (D) 1 અને 2

206. નીચેનામાંથી કોના હેતુ માટે અભ્યાસ રજા ફરજ તરીકે ગણવામાં આવે છે ?

1. ઈજાફા 2. બઢતી 3. પ્રવરતા 4. પેન્શન 5. રજાનોહેતુ

(A)1, 2 અને 3 (B) 1 થી 4

(C) 1 થી 5 બધા (D) 1, 2 અને 4

207. એડવોકેટ જનરલને છ વર્ષની ફરજ બાદ ફક્ત એક જ વખત કેટલા માસ કરતાં વધુ નહીં તેવી અર્ધપગારી રજા મળવાપાત્ર છે ?

(A) ત્રણ (B) છ

(C) નવ (D) ચાર

208. રજા પૂરી થયા બાદ ગેરહાજર સરકારી કર્મચારીને રજા મંજૂર કરવાની કોને સત્તા છે ?

(A) રજા મંજૂર કરનાર સત્તાધિકારીને (B) ખાતાના વડાને

(C) કચેરીના વડાને (D) ઉપાડ અને ચૂકવણી અધિકારીને

209. ઈરાદાપૂર્વક કરેલ અગર અકસ્માત થયેલ ઈજા માટે ખાસ અશક્તતા રજા મંજૂર કરવાનો અધિકાર કોને છે ?

(A) ખાતાના વડાને (B) સંબંધિત ખાતાના સચિવને

(C) કચેરીના વડાને (D) નાણા વિભાગના સચિવને

210. રહેણાંકના આવાસનો કચેરી તરીકે અંશતઃ ભોગવટો હોય ત્યારે રહેણાંકના આવાસ માટેના હિસ્સાના ભાડાની અલગ રીતે ગણતરી કરવાની સત્તા કોની છે ?

(A) નાયબ કાર્યપાલક ઈજનેર (B) અધિક્ષક ઈજનેર

(C) મુખ્ય ઈજનેર (D) કાર્યપાલક ઈજનેર

211. ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 હેઠળ રહેણાકના આવાસોનું રહેણાકની સવલતો અનુસાર કેટલી કક્ષા નિયત થયેલ છે ?

(A) નવ (B) છ

(C) પાંચ (D) સાત

212. ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 હેઠળ તળીયાના ક્ષેત્રફળ વિસ્તાર / ફ્લોર એરીયાના ઉપર આધારિત વિભિન્ન કક્ષાના રહેણાકના આવાસ સંબંધમાં કેટલા પ્રકારના ભાડાની જોગવાઈ થયેલી છે ?

(A) ત્રણ (B) બે

(C) ચાર (D) પાંચ

213. મહિનાના ખંડિત સમય માટે સરકારી રહેણાંકના અધિકૃત ભોગવટાનું ભાડું કઈ રીતે ગણવામાં આવે છે ?

(A) આખા માસનું ભાડું લેવાય છે.

(B) જે તે મહિનાના કુલ દિવસોની સંખ્યાના સમાન હિસ્સાના દરે

(C) એક દિવસના 1/31 ના દરે

(D) એક દિવસના 1/30 ના દરે

214. સરકારી કર્મચારીને નિયમાનુસાર મળવાપાત્ર કક્ષાના રહેણાકના આવાસ કરતાં ઊંચી કક્ષાનું આવાસ ફાળવવામાં આવે ત્યારે તેની પાસેથી કયા દરે રહેણાકના આવાસનું ભાડું લેવામાં આવે છે ?

(A) મળવાપાત્ર રહેણાકના આવાસનું પુરેપૂરૂં ધોરણસરનું ભાડું

(B) ઉચ્ચ કક્ષાના રહેણાકના આવાસનું પૂરેપૂરૂં ધોરણસરનું ભાડું

(C) આર્થિક ભાડું

(D) બજાર ભાડું

215. ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 ના નિયમ-22 ની જોગવાઈ હેઠળ સરકારી કર્મચારી પાસેથી અધિકૃ ભોગવટાના ભાડાના દર કરતાં વધુ દરે ભાડું વસૂલ કરવાની સત્તા કોની છે ?

(A) સરકારની
(B) માર્ગ અને મકાન વિભાગના સચિવની
(C) માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરની
(D) માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઈજનેરની

216. સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને રહેણાકના આવાસ પટેથી આપવા માટે કોની મંજૂરી મેળવવાની હોય છે ?

(A) મુખ્ય ઈજનેરની
(B) કાર્યપાલક ઈજનેરની
(C) અધિક્ષક ઈજનેર
(D) માર્ગ અને મકાન વિભાગના સચિવની

217. સરકારી રહેણાકના આવાસનો ભોગવટો કરતા સરકારી કર્મચારીને કેન્દ્ર સરકારના ખાતામાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા હોય ત્યારે તેમની પાસેથી કયા દરે ભાડુ લેવામાં આવે છે ?

(A) અધિકૃત ભોગવટાનું ભાડું
(B) ધોરણસર ભાડું
(C) બજાર ભાડું
(D) આર્થિક ભાડું

218. નીચેનામાંથી કઈ જગાના પદધારકોને રહેણાકના ભાડામુક્ત આવાસ મળવાપાત્ર છે ?

1. રેન્જ ફોરેસ્ટ અધિકારી

2. મેનેજર, નિવાસી કમિશ્નર ન્યૂ દિલ્હી

3. રાજ્યપાલના અંગત સચિવ

4. સ્ટુઅર્ડ, ગુજરાત વિધાનસભા સચિવાલય

(A) 1 અને 3
(B) 1 થી 4
(C) 1, 3 અને 4
(D) 1, 2 અને 3

219. જમવા તથા રહેવાની સગવડો ઉપલબ્ધ કરવામાં આવી ન હોય તેવા મુખ્ય મથક બહારના સ્થળે સરકારી કર્મચારીને તાલીમ દરમ્યાન પ્રથમ કેટલા દિવસો માટે પૂરેપુરૂં દૈનિક ભથ્થું મળવાપાત્ર થાય છે ?

(A) 180
(B) 120
(C) 90
(D) 240

220. નિયમોમાં અન્યથા કોઈ જોગવાઈ કરેલ હોય અને મંજૂર કરનાર અધિકારીએ અન્યથા સૂચના આપેલ હોય તે સિવાય

(A) વાહન ભથ્થું આખા વર્ષ માટે મળવાપાત્ર થશે.

(B) મુખ્ય મથકેથી ગેરહાજરીના કિસ્સામાં વાહન ભથ્થું જપ્ત થઈ શકશે નહીં.

(C) મુસાફરી ભથ્થા ઉપરાંત વાહન ભથ્થાની આકારણી થઈ શકશે.

(D) ઉપરના પૈકી બધાંજ

221. પ્રવાસ દરમ્યાન જો સરકારી કર્મચારી સરકારની માલિકીના પથિકાશ્રમમાં કોઈપણ મૂલ્ય ચૂકવ્યા વિના રોકાણ કરે તો તેને કયા દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે ?

(A) મળવાપાત્ર દરના 1/4 દરે
(B) મળવાપાત્ર દરના 1/3 દરે
(C) મળવાપાત્ર દરના 1/2 દરે
(D) પૂરેપુરૂં મળવાપાત્ર દૈનિક ભથ્થું

222. ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002ના કયા નિયમ પ્રમાણે માઈલેજ ભથ્થાંના હેતુ માટે સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ કરવામાં આવેલ છે ?

(A) નિયમ-51 (B) નિયમ-12

(C) નિયમ-14 (D) નિયમ-15

223. મુસાફરી ભથ્થાંના કેટલા પ્રકાર છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) ચાર (D) છ

224. ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002ના હેતુ માટે સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ કેટલી પગાર શ્રેણીઓમાં કરવામાં આવેલ છે ?

(A) ચાર (B) છ

(C) સાત (D) પાંચ

225. માસિક સરેરાશ કેટલા કિલોમીટર કરતા વધુ સત્તાવાર ફરજ ઉપરના પ્રવાસ વિના વાહન ભથ્થું મળવાપાત્ર થતું નથી ?

(A) 250 (B) 200

(C) 100 (D) 300

226. ફરજના સ્થળ ઉપરના કેમ્પસમાં આવેલા આવાસોમાં રહેતાં (અંધ તથા શારીરિક અશક્તતા ધરાવતા કર્મચારીઓ સિવાયના) તેમજ ફરજના સ્થળેથી ......... કિલોમીટરના અંતરમાં રહેતા કર્મચારીઓને પરિવહન ભથ્થું મળવાપાત્ર નથી.

(A) એક (B) બે

(C) ત્રણ (D) પાંચ

227. રસ્તા માઈલેજ ભથ્થું આકારવાના હેતુ માટે સરકારી કર્મચારીઓની કેટલી કક્ષા નિયત થયેલ છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) ચાર (D) છ

228. નીચેનામાંથી કોણ કાયમી મુસાફરી ભથ્થાના અવેજમાં નિયત થયેલ રકમની મર્યાદામાં દૈનિક ભથ્થું અને રોડ માઈલેજ મેળવવા હકદાર છે ?

(A) જિલ્લા પોલિસ અધિક્ષક (B) કલેક્ટરો

(C) જિલ્લા વિકાસ અધિકારીઓ (D) (B) અને (C) બંને

229. ગુજરાત સરકારના વર્ગ-1 અને વર્ગ-2 ના અધિકારીઓ માટેના કામગીરી મૂલ્યાંકન અહેવાલનો "વિભાગ-3 મૂલ્યાંકન / લેખન" મુખ્ય અહેવાલ લખનાર અધિકારીએ ભરવાનો છે, જેમાં મુખ્ય કેટલા કોલમનો સમાવેશ થયેલ છે ?

(A) 11 (B) 10

(C) 12 (D) 9

230. કામગીરી મૂલ્યાંકન અહેવાલ પૂર્ણ કરવા માટેના સમયપત્રક અનુસાર સંબંધિત અધિકારીને રેફરલ બોર્ડ દ્વારા તેના નિર્ણયની જાણ કરવાની આખરી તારીખ કઈ નિયત થયેલ છે ?

(A) તા. 15 નવેમ્બર (B) તા. 31 ડિસેમ્બર

(C) તા. 15 ઓક્ટોબર (D) તા. 31 ઓક્ટોબર

231. કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં સ્વમૂલ્યાંકન રજૂ થયા બાદ અહેવાલ લખનાર અધિકારી નિવૃત્ત થઈ ગયેલ હોય અને તેની નિવૃત્તિને ......... માસ પૂર્ણ થઈ ગયેલ હોય તો સમીક્ષક અધિકારીએ પોતાની કક્ષાએ કરવાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે અને તે આખરી રહેશે.

(A) બે (B) ત્રણ

(C) એક (D) ચાર

232. વર્ગ-1 અને વર્ગ-2 ના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ અધિકારી નિવૃત્ત થાય કે મૃત્યુ પામે તે તારીખથી કેટલા વર્ષની મુદત માટે સાચવવાના હોય છે ?

(A) 3
(B) 5
(C) 15
(D) 10

233. જ્યારે અહેવાલ લખનાર અધિકારી સંબંધિત અધિકારીને કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં કેટલાથી ઓછા ગુણ આપે ત્યારે ક્રમ-9માં દર્શાવેલ પેન-પિક્ચરમાં સંબંધિત અધિકારીની નિષફળતાના ચોક્કસ કારણો જણાવવા જરૂરી છે ?

(A) 55
(B) 60
(C) 50
(D) 45

234. ગુજરાત સરકારના વર્ગ-3ના સંવર્ગના તમામ કર્મચારીઓ માટે ખાનગી અહેવાલના બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની પદ્ધતિ કયા વર્ષથી અમલમાં આવેલ છે ?

(A) 2014-15
(B) 2015-16
(C) 2013-14
(D) 2016-17

235. ગુજરાત સરકારના વર્ગ-3 ના કર્મચારીઓના વાર્ષિક મૂલ્યાંકન માટે અહેવાલ હેઠળના કર્મચારીઓની અપીલ અરજીના નિકાલ માટે જે સમિતિની રચના કરવામાં આવેલ છે તેમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે ?

(A) એક
(B) ચાર
(C) બે
(D) ત્રણ

236. ગુજરાત સરકારના વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ હેઠળના અધિકારીએ રેફરલ બોર્ડને કરેલ અપીલ સંદર્ભે નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / નો સાચું /સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. અહેવાલ હેઠળના અધિકારી દ્વારા કરેલ રજૂઆત પરત્વે અહેવાલ લખનાર અધિકારી સમીક્ષક અધિકારી સંવર્ગ સંચાલક દ્વારા રજૂ કરાયેલ ટિપ્પણી વિચારણામાં લીધા બાદ એકંદર મૂલ્યાંકન સહિત અહેવાલ સુધારી શકશે અથવા યથાવત રાખી શકશે.
2. રેફરલ બોર્ડનો નિર્ણય ફક્ત હકીકતલક્ષી તથ્યો પૂરતો મર્યાદિત રહેશે. રેફરલ બોર્ડે આવા સુધારા સંદર્ભે તર્કસંગત કારણો રજૂ કરવાના રહેશે.
3. રેફરલ બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

(A) 1 અને 3
(B) 1, 2 અને 3
(C) 1 અને 2
(D) 1

237. ગુજરાત સરકારના વર્ગ-1 અને વર્ગ-2 ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ સંદર્ભે થયેલ અપીલ અરજીના નિકાલ માટેના રેફરલ બોર્ડમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે ?

(A) 5
(B) 4
(C) 2
(D) 3

238. ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુઓ / સેવાઓની કેટલી રકમથી વધુની ખરીદી માટે ઉદ્યોગ કમિશ્નર / ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂર્વમંજૂરી મેળવવાની હોય છે ?

(A) રૂપિયા 10,000
(B) રૂપિયા 25,000
(C) રૂપિયા 15,000
(D) રૂપિયા 20,000

239. સરકારી કચેરીઓના ખરીદી સંબંધિત ટેન્ડર ભરતી વખતે સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે છેલ્લા 2 વર્ષ પૈકી કોઈપણ 1 વર્ષમાં ટેન્ડર વેલ્યુના ઓછામાં ઓછા 25 ટકા ટર્ન ઓવર હોવું જોઈએ, તે જોગવાઈ એવી સરકારી ખરીદીના ટેન્ડરમાં લાગુ પડશે જ્યાં સિંગલ ટેન્ડર વધુમાં વધુ રૂપિયા .......... નું હોય.

(A) રૂપિયા 15 કરોડ
(B) રૂપિયા 20 કરોડ
(C) રૂપિયા 10 કરોડ
(D) રૂપિયા 25 કરોડ

240. જેલ ઉત્પાદિત ચીજવસ્તુઓની ગુજરાત રાજ્ય ખરીદ નીતિ 2016ની જોગવાઈ અન્વયે કેટલી રકમ સુધીની નાણાકીય મર્યાદામાં નિયત શરતોને આધિન ખરીદી થઈ શકે છે ?

(A) રૂપિયા 30 લાખ
(B) રૂપિયા 25 લાખ
(C) રૂપિયા 20 લાખ
(D) રૂપિયા 15 લાખ

241. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મોલ હોય છે તેમને કેટલી ટેન્ડર ફી ભરવાની હોય છે ?

(A) રૂપિયા 1000
(B) ટેન્ડર ફી ફરવામાંથી મુક્તિ છે.
(C) રૂપિયા 1500
(D) રૂપિયા 2500

242. ભારત સરકારના "Make In India" અભિયાન અંતર્ગત જે ચીજવસ્તુ ભારતમાં ઉત્પાદિત થતી ના હોય અને વિદેશથી ખરીદ કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં કોનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે ?

(A) ઉદ્યોગ કમિશ્નરનું
(B) ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવનું
(C) નાણા વિભાગના સચિવનું
(D) સંબંધિત વિભાગના સચિવનું

243. ગુજરાત રાજ્યના અતિ સુક્ષ્મ, નાના અને કુટિર ઔદ્યોગિક એકમ કે જેણે નીચેનામાંથી કોની પાસેથી નોંધણી નંબર મેળવેલ હોય તો તેવા એકમોને આઈ.એસ.આઈ. / બી.આઈ.એસ. / એગમાર્ક ધરાવતાં માલસામાન માટે 5% વધુ ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે ?

(A) સી.એસ.પી.ઓ.
(B) રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ
(C) ડાયરેક્ટર જનરલ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સ
(D) ઉપરના ત્રણ પૈકી કોઈ પણ

244. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-2016ના પરિશિષ્ટ-ગ માં રાજ્યના કુટીર ઉદ્યોગ માટે આરક્ષિત કેટલી ચીજવસ્તુઓની યાદીનો સમાવેશ થાય છે ?

(A) 30
(B) 174
(C) 188
(D) 32

245. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-2016ની જોગવાઈ હેઠળ અંદાજપત્રની જોગવાઈઓને આધીન સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ સરકારી કચેરીઓ કેટલી રકમ સુધીની સીધી ખરીદી કરી શકે છે ?

(A) બે લાખ સુધીની
(B) એક લાખ સુધીની
(C) ત્રણ લાખ સુધીની
(D) પાંચ લાખ સુધીની

246. બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે ટેકનીકલ સ્પેસીફીકેશન અને ભાવના વ્યાજબીપણાનું કોનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે ?

(A) ઉદ્યોગ કમિશનરનું
(B) સંબંધિત વિભાગની વિભાગીય ખરીદ સમિતિના વડા
(C) સંબંધિત ખાતા / વિભાગના સચિવનું
(D) નાણા વિભાગના સચિવનું

247. કઈ સમિતિમાં કાયદા મંત્રી કે જેઓ તેના પદનિમિત્ત સભ્ય હોય છે ?

(A) અંદાજ સમિતિ
(B) સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ
(C) નિયમો માટેની સમિતિ
(D) ગૌણ વિધાન સમિતિ

248. કામકાજ સલાહકાર સમિતિ અધ્યક્ષ ઉપરાંત અધ્યક્ષે નીમેલા બીજા વધારેમાં વધારે કેટલા સભ્યોની બનેલી રહેશે ?

(A) 15
(B) 8
(C) 10
(D) 12

249. બંધારણના અનુચ્છેદ 180 ના ખંડ (2) અન્વયે સત્યાગ્રહમાં પ્રમુખ સ્થાન સંભાળવા માટે અધ્યક્ષ વિધાનસભાની શરૂઆત થતાં અને વખતોવખત પ્રમુખોની પેનલ ઉપર વધુમાં વધુ કેટલા સભ્યો નિયુક્ત કરી શકશે ?

(A) પાંચ
(B) ચાર
(C) ત્રણ
(D) છ

250. સભાગૃહમાં બિનસરકારી કામકાજ માટે દર અઠવાડિયાના કામકાજના છેલ્લા દિવસના આગલા દિવસે બેઠકના કેટલા કલાક ફાળવવાની જોગવાઈ છે ?

(A) એક
(B) ત્રણ
(C) બે
(D) ચાર

251. વિધાનસભાનું કામકાજ કઈ ભાષામાં ચલાવવાની જોગવાઈ છે ?

1. રાજ્યની રાજભાષાઓમાં
2. અંગ્રેજીમાં
3. રાજ્યની રાજભાષાઓમાં અથવા અંગ્રેજીમાં
4. ગુજરાત વિધાનસભા નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી

(A) 1
(B) 2
(C) 4
(D) 3

252. વિધાનસભા ગૃહમાં ''મંત્રીના નિવેદન'' સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું વિધાન / વિધાનો સાચું / સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. અધ્યક્ષની પરવાનગી લઈને કોઈ મંત્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે.
2. એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં.
3. એવા નિવેદન સંબંધમાં વધુ માહિતી મેળવવાના હેતુ માટે પ્રશ્નો પૂછવાની પરવાનગી આપી શકાશે.

(A) 1, 2 અને 3
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 1

253. તારાંકિત પ્રશ્ન માટે ઓછામાં ઓછા કેટલા દિવસની સૂચના આપવાની રહેશે ?

(A) 15
(B) 21
(C) 10
(D) 28

254. વિધાનસભા ગૃહમાં સભ્ય દ્વારા પૂછવામાં આવતા પ્રશ્ન સામાન્ય રીતે કેટલા કરતાં વધારે શબ્દોનો હોવો જોઈએ નહીં ?

(A) 120
(B) 200
(C) 150
(D) 180

255. કોઈપણ સભ્ય કોઈ તાકીદની બાબતના પ્રશ્નનો તાત્કાલિક જવાબ ઈચ્છતા હોય તો તેઓ તે માટેની સૂચના વિધાનસભાના સચિવને સત્રની કે મુલતવી રહેલા સત્રની શરૂઆતના કેટલા દિવસ કરતાં વહેલી આપી શકશે નહીં ?

(A) દસ
(B) સાત
(C) પાંચ
(D) ત્રણ

256. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 અંતર્ગત રચાયેલ રાજ્ય અપીલ સત્તામંડળને-

1. નિયમ-17માં દર્શાવેલ બાબતો માટે દીવાની કાર્યરીતિ અધિનિયમ, 1908 હેઠળ દીવાની કોર્ટમાં નીહિત થયેલ હોય તેવી સત્તા રહેશે.
2. સત્તામંડળને, દીવાની કાર્યરીતિ અધિનિયમ, 1908 માં નિયત કરેલી કાર્યરીતિ બંધનકર્તા રહેશે નહીં.

(A) વિધાન 1 સાચું અને 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું અને 2 સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

257. રાજ્ય અપીલ સત્તામંડળ બદઈરાદાપૂર્વકના કૃત્ય કરવા માટે ફરિયાદ નિવારણ અધિકારીને વધુમાં વધુ કેટલા રૂપિયાનો દંડ કરી શકે છે ?

(A) રૂપિયા 5,000/- નો
(B) રૂપિયા 15,000/- નો
(C) રૂપિયા 10,000/- નો
(D) રૂપિયા 25,000/- નો

258. ''મુકરર સત્તાધિકારી''ના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને કયું / કયાં વિધાન / વિધાનો ખોટું / ખોટાં છે તેનો વિકલ્પ પસંદ કરો.

1. ફરિયાદ નિવારણ અધિકારીના દરજ્જાથી ઉપરના દરજાજાના હોય છે.

2. ફરિયાદ નિવારણ અધિકારીના દરજ્જાથી નીચેના દરજ્જાના હોય છે.

3. મુકરર અધિકારી અને ફરિયાદ નિવારણ અધિકારી સમાન દરજ્જાના હોય છે.

(A) 2 અને 3 (B) 1 અને 1

(C) 2 (D) 3

259. દરેક જાહેર સત્તામંડળમાં કેટલી સંખ્યામાં ફરિયાદ નિવારણ અધિકારીઓ મુકરર કરવાના હોય છે ?

(A) 2 (B) 3

(C) 4 (D) જરૂરી હોય તેટલા

260. મુકરર અધિકારીએ કામકાજના કેટલા દિવસની અંદર નિયત થયેલા માધ્યમથી અપીલની પહોંચ આપીને અપીલની સ્વીકૃતિની મત કરવાની હોય છે ?

(A) 5 (B) 3

(C) 7 (D) 10

261. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 ની કલમ-12 અનુસાર રાજ્ય સરકાર કેટલી સંખ્યામાં રાજ્ય અપીલ સત્તામંડળની રચના કરી શકે છે ?

(A) એક (B) બે

(C) એક અથવા વધુ (D) ત્રણ

262. ફરિયાદી અને / અથવા યથાપ્રસંગ મુકરર અધિકારીને ઓછામાં ઓછા કેટલા દિવસ અગાઉ સુનાવણીની તારીખની જાણ કરવી જોઈશે ?

(A) દસ (B) સાત

(C) પંદર (D) એકવીસ

263. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ રચાયેલા જાહેર સત્તામંડળે કેલેન્ડર વર્ષના અંતે કેટલા સમયની અંદર પુસ્તક સ્વરૂપે વાર્ષિક રિપોર્ટ પ્રસિદ્ધ કરવાનો હોય છે ?

(A) ત્રણ મહિનાની અંદર (B) બે મહિનાની અંદર

(C) ચાર મહિનાની અંદર (D) એક મહિનાની અંદર

264. સંસદે ભારતના ગણરાજ્યના કેટલામાં વર્ષમાં માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 કર્યો છે ?

(A) પંચાવનમાં (B) સત્તાવનમાં

(C) ચોપ્પનમાં (D) છપ્પનમાં

265. કેન્દ્રિય માહિતી પંચ કોની પૂર્વમંજૂરીથી ભારતમાં બીજા સ્થળોએ કચેરીઓ સ્થાપી શકશે ?

(A) કેન્દ્ર સરકારની (B) રાષ્ટ્રપતિની

(C) વિધિ અને ન્યાય મંત્રાલય, ભારત સરકારની (D) મુખ્ય માહિતી કમિશ્નરની

266. દરેક માહિતી કમિશનર પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી .......... વર્ષની મુદત માટે અથવા પોતે .......... વર્ષની ઉંમર પૂરી કરે એ બેમાંથી જે વહેલું હોય તેટલી મુદ્દત સુધી હોદ્દો ધરાવી શકે છે.

(A) 5, 62 (B) 3, 62

(C) 5, 65 (D) 3, 65

267. માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કલમ 17 ની જોગવાઈ હેઠળ રાજ્યના મુખ્ય માહિતી કમિશનરને હોદ્દા ઉપરથી દૂર કરવાની સત્તા કોની છે ?

(A) રાષ્ટ્રપતિ
(B) રાજ્યપાલ
(C) મુખ્ય ન્યાયમૂર્તિ, વડી અદાલત
(D) મુખ્ય સચિવ

268. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ રેકર્ડ તપાસણી માટે અડધો કલાક વિના મૂલ્યે અને ત્યારબાદ દરેક અડધા કલાક માટે કેટલા રૂપિયા ફી ભરવાની હોય છે ?

(A) 25
(B) 10
(C) 50
(D) 20

269. મદદનીશ જાહેર માહિતી અધિકારીને અરજી કરી હોય એવા કિસ્સામાં મદદનીશ જાહેર માહિતી અધિકારીએ અરજી મળ્યા તારીખથી કેટલા દિવસમાં જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી જોઈએ ?

(A) સાત
(B) પાંચ
(C) ત્રણ
(D) દસ

270. માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કલમ 4 હેઠળ 17 મુદ્દાઓની માહિતી પ્રસિદ્ધ કર્યા પછી તેને કેટલા સમયે અદ્યતન કરવાની જોગવાઈ છે ?

(A) દર ત્રણ મહિને
(B) દર છ મહિને
(C) દર વર્ષે
(D) દર ચાર મહિને

271. જો શરૂની મૂડી રૂા. 30,000 હોય, આખરની મૂડી રૂા. 15,000 હોય, વર્ષ દરમિયાન ખોટ રૂા. 8,000 ઉપાડ રૂા. 7,000 હોય તો વર્ષ દરમિયાન વધારાની લાવેલ મૂડી .......... હશે.

(A) 8,000
(B) 16,000
(C) 23,000
(D) શૂન્ય

272. અગાઉથી ચૂકવેલ પગાર એ .......... ખાતું છે.

(A) વ્યક્તિગત ખાતું
(B) માલ-મિલકત ખાતું
(C) ઉપજ-ખર્ચ ખાતું
(D) ઉપરમાંથી એક પણ નહીં

273. બેન્કમાંથી અંગત ખર્ચ માટે ઉપાડેલ રોકડ કયા ખાતે જમા થશે ?

(A) રોકડ ખાતે
(B) બેન્ક ખાતે
(C) ઉપાડ ખાતે
(D) મૂડી ખાતે

274. મિ. X કે જે મકાનમાલિક છે તેને ચૂકવેલ ભાડું રૂા. 10,000 એ કયા ખાતે ઉધાર થશે ?

(A) ભાડા ખાતે
(B) X ખાતે
(C) મકાન માલિક ખાતે
(D) રોકડ ખાતે

275. નીચેનામાંથી સાચું સમીકરણ શોધો.

(A) માલિકીની મૂડી = મિલકતો + જવાબદારીઓ
(B) માલિકીની મૂડી + જવાબદારીઓ = કુલ મિલકતો
(C) મિલકતો + માલિકીની મૂડી = જવાબદારીઓ
(D) જવાબદારીઓ + નફો = કુલ મિલકતો

276. દ્વિનોંધી નામાપદ્ધતિનો શોધક કોણ હતો ?

(A) કાર્લ માર્ક્સ
(B) જે આર બાટલીબોય
(C) લુકા પેસીઓલી
(D) એડમ સ્મિથ

277. નીચેની માહિતી પરથી ઉધાર ખરીદીની ગણતરી કરો.

લેણદારો તા. 1/4/23 નો રોજ રૂા. 36,500

લેણદારોને ચૂકવેલ રકમ રૂા. 60,000

લેણદારો તરફથી મળેલ વટાવ રૂા. 5,500

લેણદારો તા. 31/3/24 ના રોજ રૂા. 21,000

(A) રૂા. 50,000 (B) રૂા. 54,000

(C) રૂા. 61,500 (D) રૂા. 52,800

278. રોકડખાતાની હંમેશા .......... બાકી હોય.

(A) માત્ર ઉધાર (B) માત્ર જમા

(C) ઉધાર અથવા જમા (D) શૂન્ય

279. ઘાલખાધ અનામતની જોગવાઈ એ કયા ખ્યાલ / પ્રણાલિકા મુજબ કરવામાં આવે છે ?

(A) પડતર (B) બેવડી અસર

(C) રૂઢિચુસ્તતા (D) આવક સાથે ખર્ચની મેળવણીનો ખ્યાલ

280. વીજળીના ઉત્પાદન અને વેચાણ સંબંધિત મિલકતો માટે, આવકવેરા કાયદામાં નીચેનામાંથી કઈ પદ્ધતિ સ્વીકૃત નથી ?

(A) સીધી લીટીની પદ્ધતિ (B) ઘટતી જતી બાકીની પદ્ધતિ

(C) એન્યુઈટી પદ્ધતિ (D) એકમ-દીઠ ઘટાડાની પદ્ધતિ

281. ERP સિસ્ટમના કિસ્સામાં નીચેનામાંથી કયું ખોટું છે ?

(A) તે સ્પર્ધાને તેમની વ્યૂહરચના અને પ્રક્રિયાઓ બદલવા દબાણ કરે છે.

(B) તે વ્યવસાયિક ભાગીદારોને વધુ સ્પર્ધાત્મક બનવા માટે પ્રભાવિત કરે છે.

(C) તે કન્સલ્ટિંગ સંસ્થાઓના નફામાં સુધારો કરે છે.

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

282. નીચેનામાંથી કયો ERP પ્રોજેક્ટના અમલીકરણનો મુદ્દો છે ?

(A) સાયકલ ટાઈમ રિડક્શન (B) લેન્થી ઈમ્પ્લિમેન્ટેશન ટાઈમ

(C) યુઝ ઓફ લેટેસ્ટ ટેકનોલોજી (D) રીડ્યુસ્ડ ક્વોલિટી કોસ્ટ

283. ERPમાં નીચેનામાંથી કઈ ઉત્પાદન પદ્ધતિ નથી ?

(A) મેડ-ટુ-ઓર્ડર (B) મેડ-ટુ-સ્ટોક

(C) મેડ-ટુ-ફોરકાસ્ટ (D) એન્જિનિયર-ટુ-ઓર્ડર

284. નીચેનામાંથી કયો Oracle ડેટાબેઝ ઑબ્જેક્ટ નથી ?

(A) ટેબલ્સ (B) અલગોરિધમ

(C) ઇંડેક્સ (D) વ્યુઝ

285. નીચેનામાંથી કયો ડેટા ટાઈપ ઓરેકલ દ્વારા સપોર્ટેડ નથી ?

(A) નંબર (B) રૉ આઈડી

(C) સિરિયલ (D) ડેટ

286. DBMS નું પુરૂં નામ .......... છે.

(A) Data Backup Management System (B) Database Management System

(C) Data Binary Management System (D) Direct Business Management System

287. MS વર્ડમાં કયું ફીચર ડોક્યુમેન્ટમાં એકી અને બેકી પૃષ્ઠો માટે અલગ-અલગ હેડર અને ફૂટર બનાવવાની મંજૂરી આપે છે ?

(A) ડિફરન્ટ ઓડ એન્ડ ઈવન પેજિસ (B) સેકશન બ્રેક

(C) ડિફરન્ટ ફર્સ્ટ પેજ (D) પેજ બ્રેક

288. માઈક્રોસોફ્ટ ઓફિસમાં કઈ કી પ્રિન્ટ પ્રિવ્યુ વિન્ડો દર્શાવે છે ?

(A) Alt + Ctrl + F2 (B) Alt + F2

(C) Shift + F2 (D) Ctrl + F2

289. નીચેનામાંથી કઈ ફંક્શન કીનો ઉપયોગ Ms-Excel વર્કશીટના સક્રિય સેલને એડિટ કરવા માટે થઈ શકે છે ?

(A) F3 (B) F5

(C) F2 (D) F4

290. પાવરપોઈન્ટમાં સ્લાઈડ પરના ઑબ્જેક્ટ્સનો ઉપયોગ ટેક્સ્ટને પકડી રાખવા માટે કરવામાં આવે છે -

(A) પ્લેસહોલ્ડર (B) ટેક્સ્ટબૉક્સ

(C) ટેક્સ્ટ હોલ્ડર (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

291. બીજા વહીવટી સુધારણા પંચ (Second Administrative Reforms Commission)ના અધ્યક્ષશ્રી કોણ હતા ?

(A) શ્રી વિરપ્પા મોયલી (Shri Verrappa Moily) (B) શ્રી પી. ચીદંબરમ્

(C) શ્રી અરૂણ જેટલી (D) મા. સુષ્મા સ્વરાજ

292. ભારતીય વહીવટી સેવાના અધિકારીઓને મુખ્યત્વે તાલીમ આપનાર સંસ્થા કયા સ્થળે આવેલ છે ?

(A) પુના (B) નવી દિલ્હી

(C) હૈદરાબાદ (D) મસુરી

293. રાષ્ટ્રીય ભારત પરિવર્તન સંસ્થાન (National Institute for Transforming India)ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવેલ હતી ?

(A) 2015 (B) 2014

(C) 2016 (D) 2013

294. "ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર" (Gujarat State Data Center) કયા સ્થળે આવેલ છે ?

(A) રાજકોટ (B) વડેદરા

(C) ગાંધીનગર (D) અમદાવાદ

295. રાજ્યની તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઈ-ગવર્નરને કાર્યવંત કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં કયા સ્થાને છે ?

(A) ચોથા સ્થાને (B) ત્રીજા સ્થાને

(C) બીજા સ્થાને (D) પ્રથમ સ્થાને

296. નાગરિક સેવકો માટે પોતાને નાગરિકોના ઉદ્દેશમાં સમર્પિત કરવા અને જાહેર સેવા અને કાર્યમાં શ્રેષ્ઠતા માટે પ્રતિબદ્ધતાઓનું નવીનીકરણ કરવા દર વર્ષે "સિવિલ સર્વિસીસ ડે" (Civil Services Day) ક્યારે ઉજવાય છે ?

(A) 12 એપ્રીલ (B) 15 એપ્રીલ

(C) 21 એપ્રીલ (D) 26 એપ્રીલ

297. ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર કયો છે ?

(A) પદ્મશ્રી (B) પદ્મ ભુષણ

(C) પદ્મ વિભુષણ (D) ભારત રત્ન

298. 2024ના વર્ષમાં ગુજરાતના કયા મહાનુભાવને પદ્મ ભુષણ (Padma Bhushan) એનાયત કરવામાં આવેલ છે ?

(A) શ્રી તેજસ પટેલ
(B) શ્રી કુંદન વ્યાસ
(C) શ્રી રઘુવીર ચૌધરી
(D) શ્રી હરીશ નાયક

299. "SWAGAT" ''સ્વાગત કાર્યક્રમ'' કયા વિભાગ દ્વારા સંકલીત કરવામાં આવે છે ?

(A) શિક્ષણ વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) ગૃહ વિભાગ
(D) રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

300. રાજ્ય સરકારશ્રી દ્વારા હાલમાં કેટલી નગર પાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવાનો નિર્ણય થયેલ છે ?

(A) 5
(B) 6
(C) 7
(D) 8